સુવિચાર
''મા-બાપને વૃધ્ધાવસ્થામાં લાકડીનાં ટેકાની નહી, લાગણીનાં ટેકાની જરૂર હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૧૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૮/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ શ્રાવણ સુદ-૩ વર્ષ : ૧૭ અંક : ૨૦૮

## ભારત દેશ આઝાદ થયાને ૭૯ વર્ષ પૂર્ણ ૮૦માં વર્ષમાં આઝાદીનો આજે પ્રવેશ

આપણા લાડકવાયા ભારતદેશઆઝાદથયોતેનેઆજે૭૯ વર્ષ પૂર્ણ થયા છે અને આઝાદીનો ૮૦માંવર્ષમાંપ્રવેશથયોહોયસમગ્ર દેશમાં ૮૦માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. સાથોસાથ, સમગ્ર વિશ્વમાં વસવાટ કરતાંભારતીયો પણઆઝાદીદિનની ઉજવણી કરી રહ્યા છે.

ભારત દેશ અંગ્રેજોની ૨૦૦ વર્ષની ગુલામીમાંથી બહાર આવ્યો. તેની પાછળ દેશનાં લાખો ક્રાંતિવીરોનું અમૂલ્ય યોગદાન છે. દેશનાં પ્રથમક્રાંતિકારી મંગલપાંડેએ આઝાદીની માંગ શરૂ કરી છે. બાદમાં દેશ ૮૦વર્ષેઆઝાદ થયો. મંગલપાંડે બાદ, ભગતસિંહ, ખુશીરામ બોઝ, સુભાષચંદ્ર બોઝ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરૂ, ડો. જીવરાજ મહેતા સહિતનાં લાખો દેશવાસીઓ આઝાદી માટેની લડાઈમાંજોડાયાઅનેઅંગ્રેજોનેદેશને આઝાદીઅપાવવા મજબુર કર્યા અને ૧૫ ઓગષ્ટ ૧૯૪૭નાં દેશ આઝાદ થયો અને દેશનાં કરોડો દેશવાસીઓ ખૂશીથી ઝુમી ઉઠયા.

દેશ આઝાદ થયો ત્યારે, દેશની આર્થિક હાલત અતિ કંગાળ હતી. માળખાકિય સુવિધાઓ ગાયબ હતી. દેશનાં કરોડો નાગરિકોને પહેરવા કપડા, જમવા ભોજન પણ પુરતા પ્રમાણમાં ન હતુ અને દેશની તિજોરીમાં આમુલી રકમ હતી અને છતાં દેશનાં તે સમયનાં નિર્માતાઓએ ધીમી પણ મકકમ ગતિએ દેશમાંથી ગરીબી દૂર કરીને દેશને વિકાસના માર્ગે આગળ વધાર્યો અને આજે ૭૯ વર્ષ બાદ ભારત દેશમાં આર્થિક સમૃધ્ધિ દરેક પરિવારની વધી, રોટી, કપડા અને મકાનની સમસ્યા પણ મોટા પ્રમાણમાં દૂર થઈ.

સમગ્ર વિશ્વમાં ભારતનું સન્માન વધ્યુ, દેશનાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂથી લઈને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌએ દેશનાં વિકાસની ગતિ શરૂ રાખીને અને આજે આપણો લાડકવાયો દેશ વિશ્વની ટોપ ૧૦ઈકોનોમીમાંસ્થાન મેળવીચુકયો છે.

દેશમાં આજે કરોડો પરિવારોને પીવાનું પાણી, વીજળી, ખોરાક, રહેણાંક, શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષા પહોંચતી કરવામાં આવી છે અને હવે, ટેકનોલોજીનો યુગ હોય જે પાછળનાં ૭૯ વર્ષમાં નથી થયા તેવા વિકાસનાં કામોની ગતિ આગામી ૧૦ વર્ષમાં વધી જશે.

જો કે દેશની એક કડવી વાસ્તવિકતા એ છે કે, આજે દેશનાં લાખો પરિવારો પણ વિકાસથી વંચિત જોવા મળી રહ્યા છે. તેઓને પીવાનું શુધ્ધ પાણી, વીજળી, રહેણાંક, શિક્ષણ કે આરોગ્યની સુવિધા પુરતા પ્રમાણમાં મળતી નથી તે સમસ્યાને પણ દૂર કરવી પડશે.

દેશનો એકપણ બાળક શિક્ષણ અને આરોગ્ય સુવિધાથી વંચિત ન રહે તે માટે કાર્ય કરવાની જરૂર છે. કેન્દ્ર અને જે-તે રાજય સરકારે તેના બિનજરૂરી ખર્ચાઓ બંધ કરીને દેશની જનતાનાં પરસેવાનાં એક-એક પૈસાનો સદ્ઉપયોગ કરીને શિક્ષણ, આરોગ્ય અને માળખાકિય સુવિધાઓ વધારવા તેમજ રોજગારી માટે ખર્ચ કરવો પડશે.

દેશનાં કરોડો યુવાનો આજે શિક્ષણ અને રોજગારીને લઈને ચિંતામાં મુકાયા હોય તે યુવાનોની રજૂઆતને ધ્યાને લઈને યોજના બનાવવાની જરૂર છે. અંતમાં સમગ્ર દેશવાસીઓને આઝાદી દિને હાર્દિક શુભકામનાઓ સહ સૌને જયહિન્દ...

–તંત્રી

### ૮૦માં રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં આવી પહોંચ્યા બાદ

## અમરેલીનાં નાગનાથ મહાદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### શ્રી નાગનાથ મહાદેવનાં દર્શન કરી શ્રધ્ધાપૂર્વક પૂજા-અર્ચન અને જળાભિષેક કર્યા





અમરેલી, તા. ૧૪

અમરેલીમાં ૮૦માંસ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીનાં પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું આગમન થયું હતું. અમરેલી પહોંચ્યા બાદ મુખ્યમંત્રીએ શ્રી નાગનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન કરી ભગવાન મહાદેવની શ્રધ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. મંત્રોચ્ચાર અને શાસ્ત્રોકત વિધિ-વિધાન સાથે તેમણે ભગવાન શિવનો જળાભિષેક કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ સમગ્ર ગુજરાતના નાગરિકોની સુખ, શાંતિ અને સમૃધ્ધિ તેમજ રાજયની ઉત્તરોત્તર પ્રગતિ માટે ભગવાન મહાદેવને પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીની મંદિર મુલાકાત દરમિયાન પરિસરમાં ઉપસ્થિત શ્રધ્ધાળુઓ અને દર્શનાર્થીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

મુખ્યમંત્રીએ ભાવિકો સાથે આત્મીયતા અને સાદગીભર્યો વ્યવહાર કરી સૌનું અભિવાદન સ્વીકાર્યુ હતું. તેમજે શ્રધ્ધાભેર "મહાદેવ...મહાદેવ"નો નાદ કરી ઉપસ્થિત ભાવિકો પ્રત્યે સ્નેહ વ્યકત કર્યો હતો.

આ તકે જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા, માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, ડી.કે. રૈયાણી સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ''અમરેલી એક્સપ્રેસ'' અંક બંધ

'અમરેલી એક્સપ્રેસ' દૈનિક વર્તમાનપત્ર કાર્યાલય ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંપૂર્ણ બંધ રહેશે. જેથી ૧૬ ઓગસ્ટનો અંક પ્રસિધ્ધ થશે નહી અને હવે પછીનો અંક ૧૭ ઓગસ્ટ ને મંગળવારે પ્રસિધ્ધ થશે જેની વિજ્ઞાનદાતાઓ, વાંચકમિત્રો અને એજન્ટ બંધુઓએ નોંધ લેવા વિનંતી.

તંત્રી

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૫ વર્ષ થી આપનો વિશ્વાસુ જ્વેલર
વિશ્વાસ અને સ્નેહનો એક વર્ષનો સરવાળો
અમારા ટાવર રોડ પરના નવા શો-રૂમને ૨૪-૦૮-૨૬ના રોજ એક વર્ષ પૂર્ણ થશે તેની શુભ ઉજવણી
1 ANNIVERSARY
અમારા શો-રૂમની મુલાકાત લો...
મધુવન મંગલ ઉત્સવ
અને લકી ડ્રો મા ભાગ લેવાની સુવર્ણ તક અને ઇનામ જીતવાનો સોનેરી મોકો...
...ચૂકશો નહિ
મધુવન
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in

સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુ:ખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

દુકાન વેચવાની છે
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૮૦માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...
// શુભેચ્છક //
અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ
અનાજ કરાયાણા એસોસિએશન
ઈન્દિરા શોપીંગ સેન્ટર એસોસિએશન
અમરેલી

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
+91 95109 59957
APPLY NOW

અમદાવાદના અનુભવી મણકાની એન્ડોસ્કોપીક અને મિનિમલ ઈન્વેસિવ સર્જરીના નિષ્ણાંત હવે આપણા અમરેલીમાં.... તારીખ : ૧૯/૦૮/૨૦૨૬ રવિવાર
ઉપલબ્ધ સારવાર
કમર કે ગરદનની નસનો દુ:ખાવો, જેમ કે સાઈટીકા માટે ઓપરેશન વગર ઈન્જેકશન દ્વારા સારવાર.
કી હોલ (1.5 સેમી)ના ચેકા દ્વારા નસનું દબાણ હટાવવાનું ટાંકા વગરનું ઓપરેશન.
આધુનિક પધ્ધતિથી (Minimally invasive) દ્વારા સ્નાયુ કાપ્યા વગરનું ઓપરેશન.
ત્રાસી કમરની (Scoliosis) તકલીફ માટેનું ઓપરેશન.
દૂરબીન (Endoscopy) દ્વારા ખસેલી ગાદી માટેનું ઓપરેશન.
મણકાની અન્ય તમામ તકલીફ માટેનું સચોટ માર્ગદર્શન અને નિદાન
24/7 Emergency Services
સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
દર મહિનાના ત્રીજા રવિવારે મળશે
પ્રોફે.ડો.મંથન એચ.માંડલીયા Consultant-Spine Surgeon (M.S.Ortho) F.I.S.S.(AOSPINE U.K.,M.I.S.S.Germany))
NETRA CHIKITSA TRUST MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતનાં સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં શેલ્ટર હાઉસ પટાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન યોજના અન્વયે ૪ કરોડનાં ખર્ચે 'ગ્રીન અમરેલી કિલન અમરેલી'ની નેમ સાકાર થશે**

**૧૩ હજાર જેટલા વૃક્ષોનાં વાવેતર થકી 'હરિયાળા શહેર'નો સંકલ્પ સિધ્ધ થશે**

**માર્ગોની બંને બાજુ વૃક્ષોનાં વાવેતર તેમજ ઓકિસજન પાર્ક તૈયાર કરાશે**

**પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા પણ જોડાયા**






અમરેલી, તા. ૧૪

આજરોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીમાં સહભાગી થવા અમરેલી આવી પહોંચ્યા છે. મુખ્યમંત્રીએ સાવરકુંડલા રોડ સ્થિત અમરેલી નગરપાલિકા સંચાલિત શેલ્ટર હાઉસ પટાંગણમાં વૃક્ષારોપણ કરીને વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર સાથે પ્રકૃતિ સંરક્ષણનો સંદેશ પ્રસરાવ્યો હતો. આ તકે જિલ્લા પ્રભારી અને કેબિનેટ કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની વૃક્ષારોપણ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ઉલ્લેખનીય છે કે, અમરેલી શહેરને હરિયાળું અને સ્વચ્છ બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે અમરેલી નગરપાલિકા દ્વારા ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ રૂા. ૪.૦૦ કરોડની માતબર ગ્રાન્ટના ખર્ચે વૃક્ષારોપણ મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

શેલ્ટર હાઉસ પટાંગણથી શરૂ કરાયેલા આ પર્યાવરણીય પ્રકલ્પ હેઠળ શહેરમાં આધુનિક ઓકિસજન પાર્કનું નિર્માણ કરવામાં આવશે તેમજ વિવિધ મુખ્ય માર્ગોની બંને સાઈડમાં ૧૩ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરીને 'ગ્રીન અમરેલી, કિલન અમરેલી'ની નેમને સાચા અર્થમાં સાકાર કરવામાં આવશે, જે આગામી સમયમાં સમગ્ર અમરેલી પંથક માટે એક ગ્રીન લંગ્સ (ફેફસાં)સમાન સાબિત થઈ 'હરિયાળા શહેર'ના સ્વપ્નને સિદ્ધ કરશે.

વૃક્ષારોપણ પૂર્વે અમરેલી નગરપાલિકાના હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓએ મુખ્યમંત્રીનું મોમેન્ટો અને શાલ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું.

આ હરિયાળા અભિયાનના પ્રારંભ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, નગરપાલિકા કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાય, અમરેલી જિલ્લા આગેવાન અતુલ કાનાણી, એ.પી.એમ.સી. અમરેલીના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, નગરપાલિકાના સભ્યો, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સામાજિક અગ્રણીઓ, શહેરના હોદ્દેદારો, નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર સુનિલ, અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસર વી.સી. રાઠોડ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ''રસાયણ મુકત ફળદ્રુપ જમીન''નાં લક્ષ સાથે

# ઉત્તરપ્રદેશનાં ફૂલપુર ખાતે ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીનાં હસ્તે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

અમરેલી, તા. ૧૪

સમગ્ર દેશ ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં તરબોળ છે તેવા સમયે દેશની સર્વોચ્ચ સહકારી સંસ્થા ઈફકો સ્વતંત્રતા પર્વની ઉજવણી માત્ર તિરંગા કે, દેશ ભકિત સાથે નહિં પરંતુ નવા ધ્યેયના સંકલ્પ સાથે ઉત્તરપ્રદેશના ફુલપુર ખાતે સંસ્થાનાં ચેરમેન દિલીપ સંઘાણીના હસ્તે આ પર્વને ''રસાયણ મૂકત ફળદ્રુપ જમીન''ના લક્ષ સાથે ભવ્યતાપૂર્ણ ઉજવાશે.


દિલીપ સંઘાણીનું લક્ષ

દેશભકિત સાથે ખેતિ, ખેડૂત, રસાયણ મૂકત જમીન, તંદુરસ્ત ઉત્પાદન, માનવ સ્વાસ્થ સાથે ટકાઉ–ઉપજાવ ખેતિ તરફ રહેલુ છે અને તે માટે ઈફકોના માધ્યમથી સમગ્ર દેશમાં ''માટી બચાવો ખેતિ બચાવો'' અસરકારક કામગીરી હાથ ધરવામાં આવશે તેમ જણાવેલ. કિસાનોમાં જાગૃતિ, નેનો ડીએપી–નેનો યુરીયાનો વપરાશ, ટેકનોલોજીનો ઉપયોગ સાથે સ્વાસ્થની જાળવણી ઉપર ભાર મુકવામા આવેલ છે. દેશની આઝાદીને સ્વતંત્રતા પુરતી સીમીત નહિં રહેતા કિસાનોની સમસ્યા અને સૂચનાઓ અંગે ઝડપી કામ અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસને અગ્રતા આપવાનું જણાવ્યા સાથે ખેતિ ખેડૂત મજબૂત હશે તો જ ભારત સમગ્ર દેશમાં કૃષિ ક્ષેત્રે સમગ્ર વિશ્વને નેતૃત્વ પ્રદાન કરી શકેશે તેવો આશાવાદ વ્યકત કરેલ હતો.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**અંગ્રેજી ન્યુઝ પેપર**
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

**સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો**
માસિક ફી રૂા. ૧૨૫૦/–
ઓજસ કલાસીસ–અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧




હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઈટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪
















૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
INDIA
-:: શુભેચ્છક ::-
કિશોરભાઈ કિકાણી
એચ.કે. કિકાણી ઈમ્પેક્ષ- સુરત
નિલેષભાઈ દેસાઈ
પરમ કોર્પોરેશન – અમરેલી

૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ.....
15th August
Independence Day
લી.
શ્રી ડી.કે. રૈયાણી
કેયુર ડી. રૈયાણી - દર્શન ડી. રૈયાણી
હોટલ દર્શન - દર્શન હાઇટ્સ
: અમરેલી :

HAPPY 80TH
INDEPENDENCE DAY
80 Years of Freedom.
80 Years of Progress.
ONE NATION. ONE SPIRIT. ONE FUTURE.
IndoAsia
COPPER LIMITED
IndoAsia
TOGETHER, BUILDING A STRONGER & PROSPEROUS INDIA.
Jai Hind!




૮૦માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
૧૫ ઓગસ્ટ, ભારત સ્વતંત્રતા દિન નિમિત્તે સુખાયુ જીવન સાથે દેશ ભવ્ય પ્રગતિના પંથે વિશ્વગુરૂ બને તેવી હાર્દિક શુભેચ્છાઓ સહ દિન પ્રતિદિન પ્રગતિઓ થતી રહે તેવી હાર્દિક શુભકામનાઓ...
:: શુભેચ્છક ::
15 August
અમેરીકા નિવાસી, ચિત્તલના ભુતપૂર્વ તબીબ
ડો. રાજેશભાઈ પટેલ તથા ડો. શ્રીમતિ ઉષાબેન પટેલ તેમજ સહ પરિવાર અમેરિકા




૮૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
રાજ્યકક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં પધારી રહેલા
માનનીય મુખ્યમંત્રીશ્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
આપનું અમરેલીની પાવન ધરતી પર
હાર્દિક સ્વાગત, અભિનંદન અને વંદન.
સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ
શૈક્ષણિક સંસ્થા સન્માન
આપવા બદલ આભાર
શ્રી વસંતભાઈ ગજેરા
પ્રમુખશ્રી
સ્થાપના વર્ષ : ૧૯૫૯ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ - વિદ્યાસભા
શાંતાબા જનરલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ - અમરેલી




શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલીત
શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
શાંતાબા જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી.
LD
Laxmi Diamond
Since 1972
૮૦ માં
સ્વતંત્રતા દિવસની
હાર્દિક શુભકામનાઓ
આઝાદી એ માત્ર ઈતિહાસ નથી,
પરંતુ એક જવાબદારી છે.
ચાલો, વિકાસશીલ અને
સશક્ત ભારતના નિર્માણ માટે
એકસાથે આગળ વધીએ.
ચેરમેન શ્રી.
વસંતભાઇ ગજેરા
02792 232223 | 350101
www.smcgh.edu.in
B/h ST Bus Depot, Amreli.




80 મા
સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભેચ્છાઓ
15મી ઓગસ્ટ – સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
સમગ્ર અમરેલી લોકસભા વિસ્તારની જનતને
હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન.
અમરેલીની પાવન ધરતી પર
માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
ના અધ્યક્ષસ્થાને યોજાનાર
રાજ્યકક્ષાના 80મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી
નિમિત્તે મુખ્યમંત્રીશ્રીનું અમરેલીની ધરતી પર
હાર્દિક સ્વાગત અને અભિનંદન.
રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને વિકાસના સંકલ્પ સાથે
નવા ભારતના નિર્માણમાં સહભાગી બનીએ.
જય હિન્દ • જય ભારત
શ્રી ભરતભાઈ સુતરીયા
સાંસદશ્રી, અમરેલી લોકસભા

# બાબરામાં ૨ કિ.મી. લાંબી તિરંગા યાત્રા યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે બાબરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાપડીયા આશ્રમથી શરૂ થયેલી આ તિરંગા યાત્રાને પૂજય મહંત શ્રી ઘનશ્યામદાસ બાપુ દ્વારા તિરંગો લહેરાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. તાપડીયા આશ્રમથી નીકળેલી અંદાજે બે કિલોમીટર લાંબી ભવ્ય તિરંગા યાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. હાથમાં તિરંગા સાથે મોટી સંખ્યામાં જોડાયેલા લોકો દ્વારા ભારત માતાના જયઘોષ અને દેશભકિતના નારાઓથી સમગ્ર બાબરા શહેર ગુંજી ઉઠયું હતું. યાત્રાના કારણે શહેરનું વાતાવરણ સંપૂર્ણપણે દેશભકિતના રંગે રંગાઈ ગયું હતું. તિરંગા યાત્રામાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, શહેર ભાજપ પ્રભારી ભાવનાબેન ગોંડલિયા, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા, જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, જિલ્લા પંચાયત પશુપાલન–સહકાર સમિતિના ચેરમેન અમરશીભાઈ વાઘેલા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેર ભાજપના મહામંત્રીઓ જગદીશભાઈ વાવડીયા અને રમેશભાઈ સાંગડિયા, જિલ્લા ભાજપના ભૂપેન્દ્રભાઈ બસિયા તથા મહેશભાઈ ભાયાણી, જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ રણમલભાઈ કોઠીવાળ, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિજયભાઈ રાઠોડ, મહામંત્રીઓ મનીષભાઈ મકવાણા અને કલ્પેશભાઈ ભુવા, શહેર ભાજપ કિસાન મોરચાના પ્રમુખ ચંદુભાઈ સાવલિયા, મહામંત્રી ભરતભાઈ કરકર તથા નિશાતભાઈ ખાદા, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ નૈમિશભાઈ કારેટિયા અને મહામંત્રી સાગરભાઈ સાવલિયા સહિતના આગેવાનો જોડાયા હતા. તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ કરકર, પૂર્વ ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, પૂર્વ કારોબારી ચેરમેન ભૂપતભાઈ બસિયા, યુવા ભાજપના પૂર્વપ્રમુખ હરેશભાઈ આંખજા, સરપંચ વિપુલભાઈ કાચેલા, વાસૂરભાઈ ચૌહાણ, વિહાભાઈ વાઢીયા, રાજુભાઈ સાગઠિયા, મહેશભાઈ હેરમાં સહિત નગરપાલિકા તથા તાલુકા પંચાયતના સભ્યો, શહેર અને તાલુકા ભાજપના આગેવાનો, વિવિધ મોરચા–મંડળોના પ્રમુખો અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તિરંગા યાત્રામાં શહેરના વેપારીઓ, સરકારી તેમજ ખાનગી શાળાના શિક્ષકો–વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર યાત્રા દરમિયાન રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને રાષ્ટ્રપ્રેમની લાગણી સાથે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિએ તિરંગા યાત્રાને ભવ્ય અને યાદગાર બનાવી હતી.

## અમરેલી : કપોળ મહાજન વાડી ખાતે એઆઈ અંતર્ગત હિતેનભાઈ ભૂતાનો વર્કશોપ યોજાયો

અમરેલી, તા. ૧૪

અમરેલીના વિદ્યાર્થીઓ, યુવા ઉદ્યોગ સાહસિકો અને આગેવાનોને ભવિષ્યની ટેકનોલોજી સાથે જોડાવાના હેતુથી અમરેલી કપોળ મહાજન દ્વારાઆયોજિત વિશેષ આમંત્રિત એઆઈ ઉદ્યોગ સાહસિક શ્રી હિતેનભાઈ ભૂતાનના માર્ગદર્શન હેઠળ ભવ્યાતિભવ્ય હેન્ડસ–ઓન વર્કશોપનું આયોજન તારીખ ૧૧/૮/૨૦૨૫ ના રોજ બપોરના ચાર થી છ કલાક સુધી આયોજિત કરવામાં આવેલ હતું.

હિતેનભાઈ ભૂતા એઆઈ આધારિત સોલ્યુશન, ઉદ્યોગ સાહસિકતા અને શિક્ષણના ક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેઓએ અનેક યુવાનો ઉદ્યોગ સાહસિકો અને સંસ્થાઓને એઆઈ અને ઓટોમેશન દ્વારા નવી ઊંચાઈએ પહોંચવામાં માર્ગદર્શન આપે છે. તેમના પ્રેરણાત્મક સત્ર અનેક ભાષાઓ સાથે, પ્રોફેશનલ ઉદાહરણ સાથે અને ભવિષ્યને લક્ષમાં રાખી વિદ્યાર્થીઓને નવી દિશા આપે છે.

ભારતના ગૌરવ સમા અમેરિકા સ્થિત હિતેનભાઈ ભૂતા એ તાજેતરમાં દિલ્હી ખાતે કેન્દ્ર સરકારના મંત્રીઓ સાથે પણ મુલાકાત કરેલ છે. જે ગૌરવની બીના છે.

વતન પ્રેમી હિતેનભાઈ ભૂતા ખાસ તેમના વતનના બાળકોને ઉદ્યોગ સાહસિકોને ભવિષ્યના સંદર્ભમાં માર્ગદર્શન આપી શકે એ હેતુથી તેઓ અમરેલી પધાર્યા હતા અને કપોળ મહાજન અમરેલી દ્વારા આ જનહિતનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ હતો.



તેમાં અમરેલીની વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓ, કોમ્પ્યુટર સાથે સંકળાયેલ વ્યવસાયિકો અને અમરેલીના ઉદ્યોગ સાહસિકો જોડાયેલા હતા. જેમને હિતેનભાઈ ભૂતા એ બે કલાક મહત્વનું માર્ગદર્શન આપેલ હતું. માર્ગદર્શન મેળવેલા તમામના ચહેરા ઉપર સંતોષનો ભાવ સ્પષ્ટ દેખાતો હતો.ખાસ હાજરી અમરેલીનું ગૌરવ સમાન શીતલ ઈન્ડસ્ટ્રીઝના માલિક દિનેશભાઈ ભુવા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તો અમરેલીના વણિક સમાજના આગેવાનો સર્વ દિલીપભાઈ પરીખ, નરેશભાઈ સંઘરાજકા, પ્રભુદાસભાઈ તલાટી ડોકટર બી. એન. મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સૌરાષ્ટ્રના કપોળ અગ્રણીઓ પણ આ સેમિનારમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. સૌરાષ્ટ્ર કપોળ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા ખાદ્ય ખોરાક પ્રદર્શનના માધ્યમથી વિખ્યાત શ્રી પ્રકાશભાઈ મહેતા પણ ભાવનગર થી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપ બાદ હિતેનભાઈ ભૂતાનું સૌપ્રથમ કપોળ મહાજન અમરેલી દ્વારા મોમેન્ટો, પુષ્પગુચ્છ અને સાલ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ હતું.તો તો ઉપસ્થિત સૌરાષ્ટ્રના જુદા જુદા શહેરોમાંથી પધારેલ મહાજનના પ્રમુખ, અમરેલી સમસ્ત વણિક સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ સાલ અર્પણ કરી તેમને સન્માનિત કર્યા હતા. ત્યારે આયોજક અમરેલી કપોળ મહાજનના પ્રતિભાશાળી પ્રમુખ રાજુભાઈ મહેતાને સૌરાષ્ટ્ર કપોળ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશભાઈ મહેતા અને સાથે પધારેલ કપોળ અગ્રણીઓ એ વિશેષ સન્માનિત કર્યા હતા.

સન્માનનો પ્રત્યુતર આપતા હિતેનભાઈ ભૂતા ભાવુક નજર આવેલા હતા અને ઋણ સ્વીકાર સાથે તમામનો હૃદયથી આભાર માન્યો હતો. કાર્યક્રમને અંતે હિતેનભાઈ ભૂતા એ હાજર જ્ઞાતિ શ્રેષ્ઠિઓ સાથે શાહી ભોજનનો સ્વાદ માણેલ હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં અમરેલી કપોળ મહાજનના પ્રતિભાશાળી પ્રમુખ રાજુભાઈ મહેતા ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ મહેતા અને ટીમ કપોળ મહાજનના સર્વ અનિલભાઈ કાણકીયા, ઉમેશભાઈ સંઘવી, ઈન્દ્રજીતભાઈ દેસાઈ, સંજયભાઈ મહેતા, મહેશભાઈ ગાંધી, ભરતભાઈ મહેતા સહિતના ટ્રસ્ટીઓએ કારોબારી સભ્યો સાથે ભારે જહેમતથી સમગ્ર કાર્યક્રમને ગૌરવ પૂર્ણ રીતે સંપન્ન કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કારોબારી સભ્ય નિખિલભાઈ પારેખે ખૂબ જ સુંદર રીતે પાર પાડેલ હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાહજિકતા અને સરળતા



અમરેલી, તા. ૧૪

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લામાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન સાવરકુંડલા રોડ સ્થિત શેલ્ટર હાઉસના પટાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

વૃક્ષારોપણ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી અન્ય કાર્યક્રમ માટે રવાના થયા હતા, જોકે, કારમાં બેસી ગયા બાદ તેમણે બહાર ઉપસ્થિત સ્થાનિક અગ્રણીઓને જોયા... તેમને મળવાની સહજ ઈચ્છાથી મુખ્યમંત્રીએ પોતાની કાર થોભાવી અને બહાર નીકળીને અગ્રણીઓ સાથે આત્મીયતાપૂર્ણ મુલાકાત કરી હતી.

મુખ્યમંત્રીની આ સહજ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિકો સાથે હળવાશભર્યો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીનો આ સરળ અને લાગણીસભર અભિગમ ઉપસ્થિત સૌ માટે યાદગાર બની રહ્યો હતો.

મુખ્યમંત્રીની સામાન્ય વ્યકિત અને સ્થાનિક અગ્રણીઓ પ્રત્યેની આત્મીયતા, સહજતા અને સરળતા તેમના વ્યક્તિત્વની આગવી ઓળખ છે. અમરેલીમાં બનેલી આ ઘટના તેમના સરળ અને સંવેદનશીલ વ્યક્તિત્વનું જીવંત ઉદાહરણ બની હતી.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### દિપક હાઈસ્કૂલની અનોખી પહેલને મુખ્યમંત્રીએ બિરદાવી

## અમરેલી જિલ્લાનાં સ્વાતંત્ર્ય સેનાનીઓની સાહસ-શૌર્યગાથા વર્ણવતી પ્રદર્શની મુખ્યમંત્રીએ નિહાળી

**૭૫ સ્વાતંત્ર્ય સેનાનીઓની ગાથા વર્ણવતી સચિત્ર પ્રદર્શનીનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ**





અમરેલી, તા. ૧૪

૮૦માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત અમરેલીના સમર્થ વ્યાયામ મંદિરના પ્રાંગણમાં અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓના શૌર્ય અને સંઘર્ષને ઉજાગર કરતી સચિત્ર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનીનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિહાળી કરી સ્વાતંત્ર્ય સેનાનીઓની શૌર્યગાથાને શ્રદ્ધાપૂર્વક યાદ કરી હતી.

દિપક હાઈસ્કૂલ દ્વારા આયોજિત આ પ્રદર્શનીમાં અમરેલી જિલ્લાના ઈતિહાસમાં અંકિત થયેલા આશરે ૭૫ સ્વાતંત્ર્ય સેનાનીઓની જીવનકથા, યોગદાન અને રાષ્ટ્રસેવાની ગાથાને સચિત્ર રજૂ કરવામાં આવી છે. રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાથી લઈને ઉમંગરાય છાટબાર સહિતના સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન અને સંઘર્ષની ઝલક પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે.

આઝાદીની ચળવળથી લઈ આરઝી હકૂમત સુધી અને પોર્ટુગીઝ શાસન સામેની લડત સુધી, અમરેલીની ધરતીના વીર સપૂતોએ દેશની આઝાદી માટે આપેલા યોગદાનને પ્રદર્શનીમાં વિવિધ તસવીરો અને માહિતીના માધ્યમથી રજૂ કરવામાં આવ્યું છે. સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ, બલિદાન, સંઘર્ષ અને રાષ્ટ્રભકિતની આ ગાથા નવી પેઢીને પ્રેરણા આપનારી બની રહી છે.

મુખ્યમંત્રીએ પ્રદર્શનીનું નિરીક્ષણ કરી તેના આયોજન બદલ દિપક હાઈસ્કૂલના સંચાલકો, ટ્રસ્ટીઓ તથા આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કરતી આવી પહેલને બિરદાવી હતી.

કાર્યક્રમના પ્રારંભે મુખ્યમંત્રીએ દીપ પ્રાગટય કરાવી પ્રદર્શનીનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લાના પ્રભારી તથા કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની મુલાકાત લઈ મુખ્યમંત્રીએ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કર્યો



રાજયકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણીના અવસરે અમરેલી પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે સંકુલની વિદ્યાર્થિનીઓ સાથે આત્મીય સંવાદ સાધી તેમને પ્રોત્સાહિત કરી હતી. મુખ્યમંત્રીએ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી તરીકેની જવાબદારીઓ, વિદ્યાર્થીકાળના મૂલ્યો, નારી સશક્તિકરણ અને કારકિર્દી નિર્માણ જેવા અગત્યના વિષયો પર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થિનીઓ દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના ઉત્તર આપતાં મુખ્યમંત્રીએ દેશના વિકાસમાં યુવાશકિ અને નારીશક્તિના યોગદાનને ઉજાગર કર્યુ હતું.મુખ્યમંત્રી તરીકેની ભૂમિકા અને જવાબદારી વિશે પ્રશ્નનો જવાબ આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,રાજયના વડા તરીકે રાજયના સર્વાંગી વિકાસની સંપૂર્ણ જવાબદારી મુખ્યમંત્રીની હોય છે. નાગરિકોની જન સુખાકારી અને રાજયના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીએ કામ કરવાનું હોય છે.રાજકારણમાં મહિલાઓની ભાગીદારી અંગે વાત કરતા મુખ્યમંત્રીએ લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે કરવામાં આવેલા ૩૩ ટકા અનામતના ઐતિહાસિક નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા ભાગીદારી બાદ હવે વિધાનસભા અને લોકસભામાં પણ મહિલાઓની ભાગીદારી વધવાથી સમાજના પ્રશ્નો અને કાયદા ઘડતરની પ્રક્રિયામાં નારીશક્તિનું યોગદાન વધશે.'સારા નાગરિક તરીકે વિદ્યાર્થીઓએ શું શીખવું જોઈએ?' એવા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, નિર્દોષ મજાક–મસ્તી વિદ્યાર્થી જીવનનો ભાગ છે, પરંતુ આપણી રમત કે વર્તનથી કોઈ અન્ય વ્યક્તિ દુભાય કે હેરાન થાય તે યોગ્ય નથી. આપણા સંસ્કાર જ આપણી ઓળખ છે.કારકિર્દી ઘડતર અંગે સલાહ આપતાં મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા, ટીવી અને રીલ્સના વધુ પડતા ઉપયોગ સામે સાવધાની વર્તવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યુ કે, આજના યુગમાં પ્રલોભનો અને સમય બગાડતા સાધનો ખૂબ છે. સફળતા મેળવવા માટે વિદ્યાર્થીઓએ સમયનુંયોગ્ય આયોજન કરવું પડશે. કારકિર્દી ઘડવા માટે એકાગ્રતા જ સેથી મોટો મંત્ર છે.વડાપ્રધાનના મંત્રને યાદ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'સૌનો સાથ, સૌનો વિકાસ' સાથે 'સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' પણ એટલા જ મહત્વના છે. કોઈપણ કાર્યમાં પરસ્પર વિશ્વાસ અને સાથે મળીને કરવામાં આવતો પ્રબળ પ્રયાસ જ દેશને અને સમાજને બમણી ગતિથી આગળ લઈ જઈ શકે છે.સ્વાગત પ્રવચનમાં ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, ૧૯૯૭માં માત્ર ૭૩ દીકરીઓથી શરૂ થયેલું ગજેરા સંકુલ આજે વટવૃક્ષ બન્યું છે. આ સંસ્થામાં બાળમંદિરથી લઈને પીજી સુધી ૧૨થી વધુ સ્કૂલ–કોલેજોમાં ૮,૦૦૦ જેટલી દીકરીઓ અભ્યાસ કરી રહી છે. મંત્રીએ રાજય સરકાર દ્વારા દીકરીઓ માટે ચલાવવામાં આવતી 'નમો લક્ષ્મી', 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના', 'બિનઅનામત કેટેગરી સહાય' અને 'ડિજિટલ ગુજરાત' જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત સંકુલની વિદ્યાર્થીનીઓને કરોડો રૂપિયાની મળેલી સીધી આર્થિક સહાય બદલ રાજય સરકાર અને મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.સંબોધનમાં રાજયમંત્રીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને અમરેલી પ્રત્યેના વિશેષ સ્નેહની સરાહના કરતાજણાવ્યું હતું કે, વાત શિક્ષણની હોય કે સમગ્ર અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસની, રાજય સરકારની કલ્યાણકારી નીતિઓ અને સતત માર્ગદર્શનના કારણે આજે અમરેલી જિલ્લો વિકાસના માર્ગે ઝડપી ગતિથી આગળ વધી રહ્યો છે.આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી અને અમરેલી જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, સંસ્થાના પ્રમુખ મનુભાઈ ઠુંમર, ઉપપ્રમુખ પ્રતાપભાઈ જોગાણી, મંત્રી મનુભાઈ ડાવરીયા, અગ્રણી અતુલભાઈ કાનાણી અને અભયસિંહ ચેહાણ ઉપસ્થિત રહ્યા હતા.

આવતીકાલે સાંજે ૪ કલાકે

# અમરેલીમાં શ્રી લોહાણા વિદ્યાર્થી ભવનનો ત્રિવેણી સંગમ સમારોહ

## સરસ્વતી સન્માન, વિશિષ્ટ પ્રતિભા સન્માન અને જ્ઞાતિ પરિવારનું સમુહ ભોજન યોજાશે

અમરેલી, તા. ૧૪

અમરેલી ખાતે શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન દ્વારા શિક્ષણ, કલા, સાહિત્ય, સંસ્કૃતિ તેમજ કૌશલ્ય ક્ષેત્રે સમર્પિત કાર્યરત સંસ્થાના ઉપક્રમે ' ત્રિવેણી સંગમ સમારોહનું આગામી ૧૬ ઓગસ્ટ, રવિવારના રોજ સાંજે ૪ કલાકે લોહાણા મહાજન વાડી, લાઠી રોડ, અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહ અંતર્ગત અમરેલી સ્થિત તેજસ્વી તારલાઓનું ' સરસ્વતી સન્માન' તથા રમત – ગમત, કલા, સાહિત્ય અને વિજ્ઞાન ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર યુવક – યુવતીઓનું 'વિશિષ્ટ પ્રતિભા સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત સમસ્ત રઘુવંશી પરિવાર માટે 'જ્ઞાતિ સમૂહ ભોજન'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ શુભ અવસરે અતિથિ તરીકે પૂ. પા. ગો. ૧૦૮ પુરૂષોત્તમલાલજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. તેમજ રઘુવંશી સમાજના જ્ઞાતિજન, મહિલાઓ અને રઘુવંશી જ્ઞાતિ પરિવારોની પાવન ઉપસ્થિતિમાં સમારોહ યોજાશે.

સમારોહમાં અમરેલી નગરપાલિકાના ઉપપ્રમુખ વિરલ પોપટની વિશેષ ઉપસ્થિતિ રહેશે. જયારે અમરેલી લોહાણા મહાજનના પૂર્વ પ્રમુખ જિતુભાઈ ગોળવાળા, ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા તથા મંત્રી સતીશભાઈ આડતિયા શુભેચ્છક મહાનુભાવો તરીકે ઉપસ્થિત રહેશે.

તેમ શ્રી લોહાણા વિદ્યાર્થી ભવનના મેને. ટ્રસ્ટી પ્રફુલભાઈ બાટવીયા તથા ટ્રસ્ટી ડો.ભરત કાનાબાર દ્વારા એક યાદીમાં જણાવાયું છે.


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
ત્રિરંગા સાથે અશોકચક્ર એ બેમિશાલ છે, ભારતની આન, બાન અને શાન છે.
શુભેચ્છક
શ્રી અશોકભાઈ બોરીચા
સરપંચશ્રી
લુવારા ગ્રામ પંચાયત
તા. સા.કુંડલા
મો. 93166 04544

૮૦માં સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભકામનાઓ...
શ્રી રામદેવસિંહ ગોહિલ
પૂર્વ મહામંત્રી : શહેર ભાજપ - સાવરકુંડલા
પ્રમુખ : ગુજરાત રાજપૂત યુવા સંઘ - સાવરકુંડલા
પ્રમુખ : અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા - સાવરકુંડલા
પ્રમુખ : ભારતીય માનવ અધિકાર એસો. - સાવરકુંડલા

૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
15 AUGUST INDEPENDENCE DAY INDIA
ત્રિરંગા સાથે અશોકચક્ર એ બેમિશાલ છે, ભારતની આન, બાન અને શાન છે.
શુભેચ્છક
શ્રી વિપુલભાઈ કાનજીભાઈ મકવાણા

૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
:: શુભેચ્છક ::
શ્રી જગદીશભાઈ દેથલીયા
પ્રમુખશ્રી : તાલુકા પંચાયત-લીલીયા મોટા
મુ. લીલીયા મોટા, જી. અમરેલી

૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
15th AUGUST HAPPY INDEPENDENCE DAY
સ્વતંત્રતા દિવસના શુભ પ્રસંગે આવો આપણે આપણા રાષ્ટ્રને સલામત, સમૃધ્ધ અને સર્વશ્રેષ્ઠ બનાવવા નો સંકલ્પ કરીએ.....
શુભેચ્છક
કલેરીટી ફિનવેસ્ટ / CLARITY FINVEST Right Ideas For Your Money Investment & Insurance
૭, પહેલા માળે, મેગામોલ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
શૈલષભાઇ કોટેચા મો. ૯૩૭૭૪ ૪૮૬૪૪ | ચિત કોટેચા મો. ૯૪૦૯૦ ૭૭૩૫૫

૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
શ્રીમતિ ગીતાબેન રમેશભાઈ માંડણકા - પ્રમુખશ્રી
શ્રીમતિ વિલાસબેન જસુભાઈ ખુમાણ - ઉપપ્રમુખશ્રી
શ્રી અરવિંદભાઈ કાકડીયા - ચેરમેનશ્રી-કારોબારી સમિતિ
શ્રીમતિ સરોજબેન સંદિપભાઈ સોલંકી - ચેરમેનશ્રી-સામાજીક ન્યાય સમિતિ
શ્રી રાજુભાઈ કાછડીયા - દંડક-તાલુકા પંચાયત
શ્રીમતિ પાયલબેન વિરમભાઈ મેવાડા - પક્ષના નેતા
:: સદસ્યશ્રીઓ ::
શ્રી આશીષભાઈ કિશોરભાઈ દેવમુરારી
શ્રીમતિ મંજુલાબેન પ્રેમજીભાઈ બાવીશી
શ્રી સુરેશભાઈ ખીમજીભાઈ પાથર
શ્રીમતિ ભાવનાબેન નાથાલાલ સુખડીયા
શ્રીમતિ કોમલબેન લક્ષ્મીશંકર તેરૈયા
શ્રી જયદીપભાઈ નજુભાઈ ધાધલ
શ્રી જગદીશભાઈ મનુભાઈ પોકળ
શ્રી નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા
શ્રીમતિ અંબાબેન મુકેશભાઈ રૂપાવટીયા
શ્રીમતિ અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢિયા
અમરેલી તાલુકા પંચાયત કચેરી - અમરેલી

80મા સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભેચ્છાઓ
૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સમગ્ર નેસડી ગ્રામ પંચાયતની જનતાને હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન
શુભેચ્છક
શ્રી સરપંચ
શ્રી ઉપ સરપં
શ્રી તલાટી કમ મંત્રી
શ્રી નેસડી ગ્રામ પંચાયત, તા. સા.કુંડલા, જિ.અમરેલી

૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
શુભેચ્છક
-:: અમરેલી જિલ્લા આચાર્ય સંઘ ::-
મુકુંદભાઈ મહેતા - પ્રમુખશ્રી
જોરૂભાઈ વરૂ - અધ્યક્ષશ્રી
વિપુલભાઈ વ્યાસ - મહામંત્રીશ્રી
સુરેશભાઈ હિરપરા - મહામંત્રીશ્રી
તથા તમામ કારોબારી સદસ્યશ્રીઓ
:: કાર્યાલય :: સારસ્વત ભવન, ત્રીજો માળ, જુના માર્કેટયાર્ડ શોપીંગ સેન્ટર, જિલ્લા પંચાયત સામે, સ્ટેશન રોડ, અમરેલી

૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
યુગોની શહિદોનું આ સ્વપ્ન છે
મારી માતૃભુમિનું આ જ રહસ્ય છે,
બલિદાનીઓના કંઇ લેખા નથી,
મા ભારતનું આજે સ્વંત્ર્યતાનું પર્વ છે.
શુભેચ્છક
શ્રી હિરેનભાઈ ચાવડા
પૂર્વ પ્રદેશ કારોબારી સદસ્યશ્રી : આઇ.ટી.સેલ-ભાજપ
વ્યવસ્થાપક ટ્રસ્ટીશ્રી : ગાયત્રી શક્તિપીઠ - અમરેલી

૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
યુગોની શહિદોનું આ સ્વપ્ન છે
મારી માતૃભુમિનું આ જ રહસ્ય છે,
બલિદાનીઓના કંઇ લેખા નથી,
મા ભારતનું આજે સ્વંત્ર્યતાનું પર્વ છે.
શુભેચ્છક
શ્રી અજયભાઈ જીલુભાઈ ધાધલ

૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
ત્રિરંગા સાથે અશોકચક્ર એ બેમિશાલ છે, ભારતની આન, બાન અને શાન છે.
15 AUGUST INDEPENDENCE DAY INDIA
શુભેચ્છક
શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સેવા સંઘ
પ્રમુખશ્રી
સુરેશભાઈ સોલંકી
સમગ્ર ટીમ - અમરેલી

# શસ્ત્ર પ્રદર્શન બન્યું સુરક્ષા જાગૃતિનું પ્રેરણાદાયી માધ્યમ





અમરેલી ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલજીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લેવામાં આવી. તા.૧૬ ઓગસ્ટ સુધી યોજાનારા આ વિશેષ પ્રદર્શનનો મુખ્ય હેતુ નાગરિકો, ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓને દેશની સુરક્ષા વ્યવસ્થા અને આધુનિક સુરક્ષા ટેકનોલોજીથી પરિચિત કરાવવાનો છે.પ્રદર્શનમાં પોલીસ તથા વિવિધ સુરક્ષા દળો દ્વારા ઉપયોગમાં લેવાતા આધુનિક શસ્ત્રો, સુરક્ષા સાધનો, ટેકનોલોજી અને અન્ય ઉપકરણો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મુલાકાતીઓને સુરક્ષા દળોની કામગીરી, પડકારો અને રાષ્ટ્રની સુરક્ષા માટે ઉપયોગમાં લેવાતી આધુનિક વ્યવસ્થાઓને નજીકથી સમજવાની તક મળી રહી છે. આ પ્રદર્શન યુવાનો અને વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રસેવા તથા સુરક્ષા દળો પ્રત્યે આદરની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. દેશની સુરક્ષા માટે સદૈવ સતર્ક અને સમર્પિત જવાનોની કાર્યક્ષમતા, સાહસ અને આધુનિકતાની ઝલક રજૂ કરતું આ શસ્ત્ર પ્રદર્શન સૌ માટે પ્રેરણાદાયી બની રહ્યું છે.

### ચિતલનાં વતની અને અમેરિકા સ્થિત ડો. રાજેશ પટેલ દ્વારા

## અમરેલીમાં ભવ્ય લાઈટિંગ ડેકોરેશન બદલ પાયલ ઈલેકટ્રિકને શુભેચ્છા પાઠવાઈ

### માલિક જગદીશ વોરાને શુભકામનાપાઠવી

અમરેલી, તા. ૧૪

રાજકોટ પાયલ ઈલેકટ્રીક ડેકોરેશન ૧૫ મી ઓગસ્ટ રાજય લેવલની ઉજવણી અમરેલી ખાતે ઈન્ટેલિજન લાઈટ વિવિધ લાઈટિંગ રોડ રસ્તા ભવ્ય શણગારવામાં આવ્યા છે. રાજકોટની પાયલ લાઈટસને વર્ષોથી ગુજરાતના ભવ્ય અને પ્રતિષ્ઠિત લાઈટિંગ ક્ષેત્રમાં એક આગવું સ્થાન અપાવનાર એવા જગદીશભાઈ, જયદીપ અને ચિરાગ ને ૧૫મી ઓગસ્ટ.૨૦૨૬ ના સ્ટેટ લેવલના ભવ્ય સમારોહ તથા ૧૪મી ઓગસ્ટના કલ્ચરલ પ્રોગ્રામની સમગ્ર લાઈટિંગની જવાબદારી મળવા બદલ હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન!

ગવર્મેન્ટના મોટા ભાગના કાર્યક્રમો, સ્ટેટ લેવલના ભવ્ય સમારોહો તેમજ માનનીય પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના કાર્યક્રમોમાં વર્ષોથી આપના અનુભવી અને કલાત્મક લાઈટિંગની નોંધ લેવાતી આવી છે. ફેન્સી લાઈટિંગ હોય કે સ્પેશિયલ સ્ટેજશો લાઈટીંગ હોય કે જનરલ લાઈટિંગ પાયલ લાઈટ્સની આગવી ઓળખ અને ગુણવત્તા આજે ગુજરાતભરમાં પ્રસિદ્ધ છે.

રાજકોટની પાયલ લાઈટસને વર્ષોથી ગુજરાતના ભવ્ય અને પ્રતિષ્ઠિત લાઈટિંગ ક્ષેત્રમાં એક આગવું સ્થાન અપાવનાર એવા જગદીશભાઈ, જયદીપ અને ચિરાગને ૧૫મી ઓગસ્ટ ૨૦૨૬ના સ્ટેટ લેવલના ભવ્ય સમારોહ તથા ૧૪મી ઓગસ્ટના કલ્ચરલ પ્રોગ્રામની સમગ્ર લાઈટિંગની જવાબદારી મળવા બદલ હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન!

આપે લાઈટિંગને માત્ર વ્યવસાય નહીં, પરંતુ એક કલાત્મક કળા અને ભવ્યતા આપવાનું માધ્યમ બનાવ્યું છે. ગુજરાતમાં પાયલ લાઈટ્સનું નામ આગવું અને વિશ્વસનીય બનેલું છે તે ખરેખર ગૌરવની વાત છે. જગદીશભાઈ, જયદીપ અને ચિરાગને આ ભવ્ય સફળતા બદલ અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા ચિતલ નિવાસી અને અમેરિકા સ્થિત ડો. રાજેશભાઈ પટેલ.

### ઓનલાઈન ફ્રોડ કરીને કર્યુ કારસ્તાન

## રાજુલાનાં કોવાયા ગામે રહેતા આધેડના બેન્ક ખાતામાંથી ૩.૩ લાખની ઉઠાંતરી

### સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૪

રાજસ્થાનના વતની અને હાલ રાજુલા તાલુકાના કોવાયા ગામે આવેલ ટાઉનશીપમાં રહેતા લલીત શાંતીલાલ દેવપુરા નામના ૫૫ વર્ષીય આધેડના આઈસીઆઈસીઆઈ બેન્કના સેવીંગ એકાઉન્ટ નં. ૦૬૫૨૦૧૫૦૨૧૭૨ માંથી કોઈ અજાણ્યા ઈસમએ ગત તા. તા.૬/૭/૨૬ ના રોજ રાત્રીના ૯/૧૫ કલાકે યશ બેંક ખાતા નંબર ૦૦૨૨૬૧૧૦૦૦૦૦૦૨૫ IFSC COD. NO. YESBOYBLUPI માં એકાઉન્ટમા રૂપિયા ૯૭,૨૬૩, રૂપિયા ૯૯,૫૯૮, તેમજ રૂપિયા ૬૧૬૬ મળી કુલ રૂપિયા ૨,૦૩,૦૨૭ ના ટ્રાન્જેકશન કરી તથા બેંક ઓફ ઈન્ડીયા ખાતા નંબર ૫૦૪૮૧ ૦૧૧૦૦૦૪૧૭૦ IFSC VOD. NO. BKI૦૦૦૫૦૪૮ના ધારક SAJAN AHMED BARBHUIYA (રહે. આસામ) વાળાએ પણ આ આધેડના એકાઉન્ટમાંથી રૂપિયા ૪૯,૯૯૯, રૂપિયા ૪૯,૯૯૯ મળી કુલ રૂપિયા ૯૯,૯૯૮ બંને બેન્ક ખાતામા મળી કુલ રૂપિયા ૩,૦૩,૦૨૫ ના ટ્રાન્જેકશન કરી ઈલેકટ્રોનીક માધ્યમનો ઉપયોગ કરી કોઈપણ રીતે આધેડના મોબાઈલ ફોનને હેક કરી તેમની જાણ બહાર તેમના બેન્ક ખાતામાંથી નાણા ટ્રાન્સફર કરી મેળ વી લઈ ઓનલાઈન છેંતરપીંડી કર્યાની આધેડે પીપાવાવ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### મુખ્યમંત્રીને રજુઆત કરાઈ

## અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ગ્રામ્ય વિસ્તારના તલાટીઓ હડતાલ પર ઉતર્યા

### સાવરકુંડલા તાલુકા પંચાયતનાં સદસ્યની રજુઆત

અમરેલી, તા. ૧૪

ગુજરાત રાજયમાં પંચાયતી તલાટી કમ મંત્રી કર્મચારીઓની હડતાળને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય નાગરિકોના અનેક મહત્વપૂર્ણ કામો અટવાઈ રહયા છે. ખાસ કરીને આવકના દાખલા, રહેઠાણના દાખલા, જમીન સંબંધિત કામગીરી, પંચાયતના પ્રમાણપત્રો, સરકારી યોજનાઓ સંબંધિત કામગીરી સહિતની સેવાઓમાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સા.કુંડલા તાલુકા પંચાયતના સદસ્ય નિર્મળ વાટલિયાએ મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરી છે કે તલાટી કર્મચારીઓની માંગણીઓ અંગે સરકાર દ્વારા તાત્કાલિક સંવાદ શરૂ કરી યોગ્ય ઉકેલ લાવવામાં આવે. જેથી હડતાળ નો અંત આવે અને ગ્રામ્ય પ્રજાને મળતી સરકારી સેવાઓ ફરીથી નિયમિત બને.

ગ્રામ વિસ્તારમાં રહેતા ગરીબ, ખેડૂત, વૃદ્ધ, મહિલાઓ તથા જરૂરિયાતમંદ લોકોને સરકારી કચેરીઓનાં વારંવાર ધક્કા ખાવા પડે છે. હડતાળ લાંબી ચાલે તો સામાન્ય લોકોની મુશ્કેલીમાં વધુ વધારો થઈ શકે છે.

આથી સરકાર ધ્યાને લેવા જણાવેલ છે કે તલાટી કર્મચારીઓના પ્રશ્નોનું સંવેદનશીલતાથી નિરાકરણ લાવી, તાત્કાલિક ફરજ પર પરત આવવાની સ્થિતિ ઉભી કરવામાં આવે અને પ્રજાની જરૂરી સેવાઓ ખોરવાય નહી તેની ખાસ વ્યવસ્થા કરવામાં આવે.

કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલ પણ જરૂરી છે અને પ્રજાની સેવાઓ સતત ચાલુ રહે તે પણ એટલું જ જરૂરી છે.

# અમરેલી ખાતે રાજયપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' કાર્યક્રમ યોજાયો



અમરેલી ખાતે આવતીકાલે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજયકક્ષાની ઉજવણી થવાની છે ત્યારે સ્વતંત્રતા પર્વની પૂર્વ સંપ્રયાએ ભારત દેશના વિભાજન દરમિયાન નાગરિકોએ ભોગવેલા અસહ્ય સંઘર્ષ, યાતનાઓ અને તેમણે આપેલા બલિદાનોની સ્મૃતિમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામયી ઉપસ્થિતિમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે રાજયપાલ તથા મુખ્યમંત્રી સહિત તમામ મહાનુભાવોએ વિભાજનના પીડિતો અને દિવંગતોના માનમાં ૨ મિનિટનું મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં સંબોધન કરતા રાજયપાલ આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું હતું કે, ૧૯૪૭ના ભાગલા વખતે થયેલા અમાનવીય અત્યાચારો અને ત્રાસદાયક દ્રશ્યોની કલ્પના માત્રથી પણ રૂંવાડા ઊભા થઈ જાય છે. લાખો માસૂમ બાળકો, બહેનો અને વડીલોએ પોતાનું જીવન અને પરિવાર ગુમાવ્યા હતા. માતૃભૂમિના સર્વોચ્ચ સ્થાનને સમજાવતા રાજયપાલએ ભગવાન રામ અને લંકા વિજયના પ્રસંગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ભલે સોનાની લંકા મળી હોય, પરંતુ જન્મ દેનારી માતા અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. રાજયપાલએ ભાગલાની ભીષણ પરિસ્થિતિઓનો સામનો કરીને શૂન્યમાંથી સર્જન કરનાર તથા પોતાની મહેનતથી દેશના વિકાસમાં યોગદાન આપનાર વિસ્થાપિત પરિવારોના સંઘર્ષ અને પરિશ્રમને નમન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાગલાના દર્દ અને ઈતિહાસની ગંભીરતાને ઓળખીને દર વર્ષે ' વિભાજન વિભીષિકા સ્મૃતિ દિન' મનાવવાનો નિર્ણય લેવાયો છે. તેનો હેતુ દેશની યુવા પેઢીને ઈતિહાસમાંથી શીખ મેળવવા માટે પ્રેરિત કરવાનો છે. દેશની એકતા, અખંડિતતા અને ભાઈચારો જાળવી રાખીને જ આપણે મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું, તેમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં આઝાદીના પર્વ અને વિભાજનની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ની સવારે ભારતમાં આઝાદીનો નવો સૂરજ ઊગ્યો હતો, પરંતુ તેના બરાબર એક દિવસ પહેલાં એટલે કે ૧૪મી ઓગસ્ટે દેશનું વિભાજન થયું હતું. જે આપણા માટે અત્યંત કરૂણ દિવસ છે. ત્યારે માત્ર દેશની ભૂમિના ટુકડા નહોતા થયા, પરંતુ અનેક પરિવારો વિખેરાઈ ગયા હતા. લાખો લોકોએ પોતાના ઘર–બાર, ખેતર અને સદીઓ જૂના સંબંધો એક જ રાતમાં છોડીને શરણાર્થી બનવાની ફરજ પડી હતી.મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનની પહેલને બિરદાવતાં જણાવ્યું હતું કે, આઝાદી માટે આપણા દેશે મોટી કિંમત ચૂકવી હતી, જે બાબતનું સ્મરણ રહે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧થી તા.૧૪મી ઓગસ્ટને 'વિભાજન વિભીષિકાસ્મૃતિ દિવસ તરીકે મનાવવાની પરંપરા શરૂ કરાવી છે. તેનો ઉદ્દેશ્ય ૧૯૪૭ના વિભાજનની કરૂણ દાસ્તાનને વર્તમાન અને આવનારી પેઢીની સ્મૃતિમાં જીવંત રાખવાનો તથા આઝાદી મેળવવા દેશે ચૂકવેલી મોટી કિંમતનું સ્મરણ કરવાનો છે.મુખ્યમંત્રીએ ઈતિહાસના ત્યાગ અને સમર્પણનું મહત્વ ઉજાગર કરતા જણાવ્યું હતું કે, ઈતિહાસ, ત્યાગ અને બલિદાનને યાદ રાખવા એ સમાજ કે રાષ્ટ્રના મજબૂત ભવિષ્યનો સાચો પાયો છે. સ્વાતંત્ર્ય સંગ્રામના વીરોને જે રીતે આપણે યાદ કરીએ છીએ, તે જ રીતે વિભાજન વિભીષિકાના ભોગ બનેલા લાખો નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપવી પણ આપણી નૈતિક જવાબદારી છે. મુખ્યમંત્રીએ દેશની વિકાસયાત્રાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશ 'એક ભારત, શ્રેષ્ઠ ભારતના સંકલ્પ અને 'સૌનો સાથ, સેનો વિકાસ, સેનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના મંત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. વર્ષ ૨૦૪૭માં આઝાદીની શતાબ્દી નિમિત્તે વડાપ્રધાનએ 'વિકસિત ભારત–૨૦૪૭નું લક્ષ્ય દેશ સમક્ષ મૂકયું છે. જેની સિદ્ધિ માટે વડાપ્રધાનએ દેશવાસીઓને 'પંચ પ્રણ આપ્યા છે. વિકસિત ભારતના નિર્માણ માટે મોટા લક્ષ્યો સાથે આગળ વધવું,ગુલામીની માનસિકતામાંથી મુક્તિ મેળવવી, આપણી સાંસ્કૃતિક વિરાસત અને વારસા પર ગૌરવ કરવું, જાતિ–ધર્મના ભેદભાવ ભૂલીને દેશની એકતા માટે કાર્ય કરવું તથા પોતાની જવાબદારીઓ અને ફરજોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું, તેમ જણાવી મુખ્યમંત્રીએ આ પાંચ સંકલ્પોને જીવનનો ભાગ બનાવી વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા ઉપસ્થિતોને આહ્વાન કર્યુ હતું. આ તકે જિલ્લાના પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, વિભાજનની વેદના અને વિભીષિકા કોઈને કલ્પનામાં પણ હોય તેવી કઢણ ઘટના હતી. એક તરફ આઝાદીનો આનંદ અને બીજી તરફ વિભાજનનો શોક, આ બંને સ્થિતિમાંથી નવી પેઢી શીખ મેળવે તે જરૂરી છે. ૨૧મી સદીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ ઐતિહાસિક ઘટના અને તેની સ્મૃતિઓને ભારત અને સમગ્ર વિશ્વ સમક્ષ મૂકી છે, જેથી દેશનો આ ઈતિહાસ વર્તમાન અને આવનારી પેઢી હંમેશા યાદ રાખે. કાર્યક્રમ પૂર્વે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મહાનુભાવોએ વિભાજનના સંઘર્ષ દર્શાવતા વિશેષ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં વિભાજનની પીડા સહન કરનાર પ્રભાવિત પરિવારના પ્રતિનિધિએ પોતાના સંઘર્ષઅંગે અનુભવો વ્યક્ત કર્યા હતા. ઉપરાંત વિભાજન વિભિષિકા આધારિત ભાવનાત્મક નાટય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.આ તકે ઊર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય સર્વે મહેશભાઈ કસવાલા અને જનકભાઈ તળ ાવીયા, મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા, ગૃહ વિભાગના અગ્રસચિવ સંજીવકુમાર, પોલીસ મહાનિર્દેશક જી.એસ.મલિક, જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમાર, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ કમિશનર યોગેશ નિરગુડે, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
15 AUGUST INDEPENDENCE DAY INDIA
દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનાર આપના દેશના શહીદોને દિલથી ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ..
: શુભેચ્છક :
શ્રી દીપકભાભાઈ માલાણી
ચેરમેન
શ્રી મહેશભાઈ લખાણી
વાઈસ ચેરમેન
શ્રી જતિનભાઈ માલાણી
સેક્રેટરી
તથા તમામ ડિરેક્ટરશ્રીઓ
તેમજ કર્મચારીગણ...
સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
સાવરકુંડલા (માર્કેટયાર્ડ)


Hotel Amreli Inn
WHERE LUXURY MEETS TRANQUILITY
૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભકામનાઓ.
દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનાર આપના દેશના શહીદોને દિલથી ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ..!
જય જવાન જય કિસાન...!
ભારત માતા કી જય..!
24×7 RECEPTION
ROOM
A.C.
T.V.
SHOWER
FREE WIFI
PARKING
LAUNDRY
સુખનાથ કોમ્પલેક્ષ, શાશ્વત સોડા સેન્ટરની સામે,
સ્વામીનારાણ મંદિર રોડ, માણેકપરા - અમરેલી
મો. 85285 34934 ફોન નં. (02792) 223030


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
ચાલો શહીદોએ આપેલા બલિદાન માટે સલામ કરીએ
અને આપણને આઝાદી અપાવવા બદલ તેમનો આભાર માનીએ
સ્વતંત્ર્યતા દિવસની શુભેચ્છાઓ....
15th August
... શુભેચ્છક ...
શ્રી મહેશ કસવાલા
ધારાસભ્યશ્રી
સાવરકુંડલા-લીલીયા
પ્રદેશ મંત્રી : ગુજરાત-ભાજપા


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
જમાને ભર મે મિલતે હે આશિક કઈ
મગર વતન સે ખુબસુરત કોઈ સનમ નહી હોતા
નોટો મે ભી લિપટ કર સોને મે સિમટકર મરે હે કઈ
મગર તિરંગો સે ખુબસુરત કોઈ કફન નહી હોતા
: શુભેચ્છક :
આપનો વિશ્વાસુ
શ્રી જનક તળાવિયા
ધારાસભ્યશ્રી
લાઠી-બાબરા-દામનગર
વિધાનસભા મત વિસ્તાર

# સાવરકુંડલા ખાતે યોજાઈ તિરંગા યાત્રા : દેશભક્તિના રંગે રંગાયું સમગ્ર નગર







સાવરકુંડલા શહેરમાં દેશની આન, બાન અને શાન સમાન રાષ્ટ્રધ્વજ તિરંગાની ગૌરવગાથાને ઉજાગર કરતી ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભક્તિના ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ભરપૂર આ યાત્રામાં હજારોની સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. તિરંગા યાત્રામાં શહેર ભાજપ પરિવારના કાર્યકર્તાઓ, રાજકીયઅને સામાજિક આગેવાનો, વહીવટી તંત્રના અધિકારીઓ, પોલીસ અને હોમગાર્ડના જવાનો તેમજ શાળા – કોલેજના શિક્ષકો અને ઉત્સાહી વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને નગરના માર્ગો પર નીકળેલા વિશાળ જનસમુદાયથી સમગ્ર સાવરકુંડલા દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. યાત્રા દરમિયાન ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના નારાઓથી સમગ્ર નગર ગુંજી ઉઠયું હતું. રસ્તાઓ પર તિરંગા સાથે જોડાયેલા નાગરિકોના ઉત્સાહ અને દેશપ્રેમની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી. બાળકો અને યુવાનોમાં પણ ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. તિરંગા યાત્રા દરમિયાન રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન, દેશ પ્રત્યેની નિષ્ઠા અને રાષ્ટ્રની એકતા–અખંડિતતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.વિવિધ વર્ગના લોકો એક સાથે જોડાતા આ યાત્રા સામાજિક એકતા અને રાષ્ટ્રભાવનાનું સુંદર પ્રતીક બની હતી. આ પ્રસંગે દેશની આઝાદી માટે પોતાના જીવનનું બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. નવી પેઢીમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બને અને દેશના વિકાસમાં સૌ પોતાનું યોગદાન આપે તેવો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. સાવરકુંડલાની આ ભવ્ય તિરંગા યાત્રા માત્ર એક કાર્યક્રમ પૂરતી સીમિત ન રહી, પરંતુ સમગ્ર નગર માટે રાષ્ટ્રભક્તિનો ઉત્સવ બની રહી હતી. તિરંગાની શાન સાથે હજારો લોકોની એકજૂટ હાજરીએ સાવરકુંડલામાં દેશપ્રેમની અદભૂત ઝલક રજૂ કરી હતી.

# જાફરાબાદમાં ૭ વર્ષ પહેલા થયેલ તોફાન અને મારામારીના કેસમાં 3 સ્ત્રીઓ સહિત કુલ ૧૪ વ્યકિતઓને 3 વર્ષની સજા

જાફરાબાદ, તા. ૧૪

આશરે સાતેક વર્ષે અગાઉ આ કામના ફરીયાદી શાંતાબેન ખોડાભાઈ શિયાળ બેટીયાવાસમાં પોતાની દિકરીની હોળીની પ્રથમ ગીમ રાખેલ હોય અને તેની પ્રસાદી વહેચવા માટે નીકળેલ ત્યારે આરોપી ગોપાલભાઈ હમીરભાઈ તેની સાથે આગળના દિવસે શિયાળબેટ ગામે ખોટી રીતે અથડાયેલ હોય તેનો ઠપકો આપવા જતા ગોપાલભાઈ હમીરભાઈએ ફરીયાદી શાંતાબેનને ઢીકાપાટુ વડે માર મારેલો અને બાદમાં બધા આરોપીઓએ એક સંપકરી, ગેરકાનુની મંડળી રચી, તમામ આરોપીઓએ પોતાના હાથમાં કુહાડી, લોખંડના સળીયા, લાકડી જેવા ભયંકર હથીયારો ધારણ કરીને ફરીયાદી શાંતાબેનને માર મારવા આવતા, ફરીયાદી શાંતાબેન બચવા માટે તેના બહેન હીરૂબેનના ઘરે જતા રહેલા. ત્યારે આ કામના આરોપીઓએ ઘરનો દરવાજો તોડી ફરીયાદી શાંતાબેનને ઘરમાંથી બહાર કાઢી આરોપી ગોપાલભાઈ હમીરભાઈએ કુહાડાને એક ઘા ફરીયાદી શાંતાબેનને ડાબા હાથમાં મારીહાથમાં ગંભીર ઈજા કરેલી. આ વખતે આરોપી હમીરભાઈ જગાભાઈએ પણ ફરીયાદી શાંતાબેનને લાકડાના ધોકાને એક ઘા માથામાં મારતા મુંઢ ઈજા કરેલી તેમજ આરોપી ભરતભાઈ જીવાભાઈનાએ સાહેદ નરશીભાઈને કુહાડીનો એક ઘા મારી નીચે પછાડી દઈ ઈજાઓ કરી, આરોપી વિક્રમભાઈ હમીરભાઈ નાએ પણ વાસામાં લાકડીના બે–ત્રણ ઘા મારીને ઈજા કરી. આ દરમ્યાન સાહેદ જોધાભાઈ ફરીયાદી શાંતાબેનને બચાવવા વચ્ચે પડતા આરોપી હમીરભાઈ જગાભાઈએ પગમાં લાકડીના બે–ત્રણ ઘા મારીને અરથીભંગ જેવી ગંભીર ઈજાઓ કરેલી તેમજ સાહેદ પાંચીબેનને પણ આરોપી નં. ૫ નાએ લાકડી વતી માથામાં તથા છાતીના ભાગે આડેધડ માર મારી ઈજાઓ કરેલી તેમજ સાહેદ માનસંગભાઈને આરોપી ધરમશીભાઈ હમીરભાઈએ જમણા હાથમાં બાવડા ઉપર લાકડાના ધોકાના બે ઘા મારેલા. સાહેદ લાચીબેનને આરોપી શુકરભાઈ જગાભાઈનાએ લોખંડના સળીયાનો એક ઘા જોરથી મારતા ડાબા હાથના કાંડા ઉપર ફેકચર જેવી ઈજા કરેલી. તેમજ આરોપીઓ ગગજીભાઈ, વિકમભાઈ, લખમણભાઈ, સોમલભાઈ ઉર્ફે સામતભાઈ, ધરમશીભાઈએ સાહેદોને લાકડીઓ વડે માર મારી મુઢ ઈજાઓ કરેલી અને અન્ય આરોપીઓએ સાહેદોને ઢીકા પાટુનો મુઢ માર મારેલો અને જેમ ફાવે તેમ ગાળો બોલી એક બીજાની મદદગારી કર્યા અંગેનો ગુન્હો જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં નોધાયેલો.બાદમાં તપાસ કરનાર અધીકારી એ તપાસ કરીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલું અને કેસ શરૂ થતા બાદમાં ફરીયાદી, નજરે જોનાર સાહેદો, પંચો અને મેડીકલ ઓફીસર, તપાસ કરનાર અધીકારીની જુબાનીઓ તથા વિવીધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જાફરાબાદના મહે. જયુડી. મેજી. પી. એમ. કામદાર સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધીની દલીલો અને પુરાવાઓનું મુલ્યાંકન કરીને એવુ તારણ કાઢેલ કે, સાવ સામાન્ય તકરાર માંથી આ કામના આરોપીઓ દ્વારા ગેરકાયદેસર મંડળી રચી, હુલ્લડ કરીને, પ્રાણ ઘાતક હથીયારો ધારણ કરીને ફરીયાદી તથા સાહેદોને ગંભીર ઈજા પહોંચાડેલ હોય અને હાલને ગંભીર બનાવ બનેલ હોય અને આવા કિસ્સાઓ સમાજમાં બહુ વધી રહ્યા હોય ત્યારે જો આવા લોકોની છોડવામાં આવે તો અને સમાજ વ્યવસ્થા પડી ભાંગે તેમ હોય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાન અસ્થીરતા જોવા મળે તેમ હોય અને તે બાબતે સમાજ પર દાખલો બેસાડવો જરૂરી હોય જેથી આરોપીઓ (૧) ગોપાલભાઈ હમીરભાઈ બાળધીયા (૨) હમીરભાઈ જગાભાઈ બાળધીયા (૩) ગગજીભાઈ વાઘાભાઈ બાળધીયા (૪) ભરતભાઈ જીવાભાઈ શિયાળ (૫) ગોપાલભાઈ માધાભાઈ શિયાળ (૬) શુકરભાઈ જગાભાઈ બાળધીયા (૭) સાજણબેન જીવાભાઈ શિયાળ (૮)દેવુબેન શુકરભાઈ બાળધીયા (૯) લાભુબેન સામતભાઈ બાળધીયા (૧૦) ગગજીભાઈ જીવાભાઈ શિયાળ (૧૧) વિકમભાઈ હમીરભાઈ બાળધીયા (૧૨) લખમણભાઈ વાઘાભાઈ બાળ ધીયા (૧૩) સોમલભાઈ ઉર્ફે સામતભાઈ જગાભાઈ બાળધીયા (૧૪) ધરમશીભાળ ભગવાનભાઈ ધુંધરવા એમ કુલ ૧૪ આરોપીઓને ૩ વર્ષની સખત કેદની સજા તથા દરેક આરોપીઓને રૂા. ૨,૫૦૦/– દંડનો હુકમ કરેલ અને તે દંડની રકમ માંથી ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોને વળતર આપવાનો હુકમ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

ઉપરોકત કામે સરકાર પક્ષે સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધી રોકાયલ હતા.

## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં પ્રયાસોથી

# લીલીયા–પુંજાપાદર માર્ગ પર વરસાદી પાણીથી પડેલ ખાડાઓનું સમારકામ શરૂ કરાયું

## રૂા. ૧૫ કરોડનાં ખર્ચે નવો માર્ગ મંજૂર થયો છે





અમરેલી, તા. ૧૪

લીલીયાથી પુંજાપાદર જવાના મુખ્ય માર્ગ પર ચોમાસાના ભારે વરસાદના કારણે શ્યામ સરોવર તેમજ ભોજલરામ સરોવરના ભારે પાણીના પ્રવાહના કારણે મસમોટા ખાડાઓ પડી જતાં વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ દ્વારા વિસ્તારના જનપ્રતિનિધિ અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને સ્થિતિ અંગે ત્વરિત માહિતગાર કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના અને સચોટ માર્ગદર્શન હેઠળ આ રસ્તા પર માત્ર માટી પૂરવાને બદલે ડામર પાથરીને વ્યવસ્થિત, મજબૂત અને ટકાવ રસ્તો બનાવવાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી છે. આ માર્ગ પર દરરોજ આસપાસના અનેક ગામોના લોકોની મોટો પ્રમાણમાં અવર જવર રહેતી હોય, ત્યારે અહીં થી પસાર થતા વાહન ચાલકોમાં આનંદની લાગણી જોવા મળી હતી જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજે આ અંગે વધુ વિગત આપતાં જણાવ્યું હતું કે, વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્યો વિપુલભાઈ દુધાત તથા શ્રીમતી રમીલાબેન ધોરાજીયાના સહિયારા અને સઘન પ્રયાસોથી વર્ષો જૂની રસ્તાના નવીનીકરણની માંગણીનો કાયમી ઉકેલ આવ્યો છે. લીલીયા સરદાર સર્કલથી પુંજાપાદર સુધીના સમગ્ર માર્ગના નવીનીકરણ માટે અંદાજે રૂ.૧૫ કરોડ ની રકમનો પ્રોજેકટ મંજૂર થઈ ગયો છે. આ મહવકાંક્ષી માર્ગનું કામ દિવાળી સુધીમાં શરૂ કરી દેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે, જેનાથી આગામી સમયમાં આ ક્ષેત્રના અનેક ગામોના વાહનચાલકો અને પ્રજાજનોને કાયમી ધોરણે ચોમાસા દરમ્યાન પડતી મુશ્કેલીનો અંત આવશે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

# અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિહાળ્યું ગુજરાત પોલીસનું શસ્ત્ર પ્રદર્શન
















દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત અમરેલી પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેસમર્થ વ્યાયામ મંદિર ખાતે ગુજરાત પોલીસ દ્વારા આયોજિત શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ તથા ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા સુરક્ષા અને કાયદો–વ્યવસ્થાની જાળવણી માટે ઉપયોગમાં લેવાતા આધુનિક શસ્ત્રો, સાધનો અને સુરક્ષા ઉપકરણોનું નિરીક્ષણ કરી તેમની વિશેષતાઓ અંગે માહિતી મેળવી હતી. પ્રદર્શનમાં ૭.૬૨ મીમી સ્નાઈપર રાઈફલ (ઈશાપોર), ગેલિલ સ્નાઈપર રાઈફલ, એન્ટી મટિરિયલ રાઈફલ, એકે–૪૭, ૭.૬૨ મીમી ઘાતક રાઈફલ, સિગ સોઅર ૫.૫૬ મીમી એસએફ રાઈફલ, એક્સકેલિબર અને ઈન્સાસ રાઈફલ સહિતની આધુનિક રાઈફલો રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૩૦ મીમી ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર, ૪૦ મીમી અન્ડર બેરલ ગ્રેનેડ લોન્ચર, ગ્લોક પિસ્તોલ, એમપી–૫ સબ–મશીનગન, જેવીપીસી અને અમોઘ કાર્બાઇન સહિતના શસ્ત્રો પણ પ્રદર્શિત કરાયા હતા.કોર્નર શોટ સિસ્ટમ, નાઈટ વિઝન ટેક્નોલોજી, ઓપ્ટિકલ સાધનો, રપલિંગ સાધનો તેમજ મલ્ટી સેલ લોન્ચર, ગેસ ગન અને ટેઝર ગન જેવા બિનઘાતક સાધનો પણ પ્રદર્શનનું વિશેષ આકર્ષણ રહ્યા હતા. આધુનિક શસ્ત્રો, ટેકનોલોજી અને વિશેષ તાલીમના સુમેળથી ચેતક કમાન્ડો ફોર્સની વિશેષ કામગીરી ક્ષમતાની ઝલક જોવા મળી હતી. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસની સજજતા, શૌર્ય અને કાર્યક્ષમતાને બિરદાવી હતી. આ પ્રસંગે કૃષિ મંત્રી તથા અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, પોલીસ મહા નિર્દેશક આર.વી. અસારી, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૮૦માં સ્વાતંત્ર્ય દિવસ

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ બાબરા" "સુંદર બાબરા"

## બાબરા નગર સેવા સદન - બાબરા

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ બાબરા, સુંદર બાબરા" ઉક્તિને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. **૧૫મી ઓગષ્ટ-૨૦૨૫** ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહ્યોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેક્શનની સુવિધાનો મહત્તમ લાભ લઇએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.

:: શુભેચ્છક ::



**શ્રીમતી રંજનબેન આર. પરવાડીયા** પ્રમુખશ્રી

**યજ્ઞેશભાઈ શુકલ** ઉપપ્રમુખશ્રી





**શ્રી આર.બી. વેકરીયા** ચીફ ઓફિસર

**ભરતભાઈ રંગપરા** ચેરમેન : કારોબારી સમિતિ



નગરપાલિકાના સભ્યશ્રીઓ..

શ્રીમતિ જીજ્ઞાસાબેન ભુપતભાઈ સકોરીયા
શ્રીમતિ દયાબેન જગદીશભાઈ વાવડીયા
શ્રી ભીખાભાઈ વાઘજીભાઈ ખુમાણ
શ્રીમતિ વસંતબેન ખોડાભાઈ મકવાણા
શ્રી રમેશભાઈ છગનભાઈ તૈરૈયા
શ્રી કૌશિકભાઈ વાલેરાભાઈ વાળા
શ્રીમતિ મનિષાબેન પરેશભાઈ સરવૈયા (દંડક)
શ્રીમતિ રાજેશ્વરીબેન જયરાજભાઈ બસિયા
શ્રી મહેશભાઈ પરબદભાઈ પીપળવા
શ્રી દેવશીભાઈ લક્ષ્મણભાઈ મારૂ
શ્રીમતિ વસીલાબેન આસીફભાઈ વાળા
શ્રીમતિ પુનમબેન અંકુરભાઈ જસાણી
શ્રી શીવરાજભાઈ એભલભાઈ ખાદા (શાસકપક્ષના નેતા)
શ્રી મહેશભાઈ અનંતરાય રાવળ
શ્રીમતિ જાગૃતિબેન હરેશભાઈ આખજા
શ્રીમતિ બાલુબેન બટુકભાઈ મુંધવા
શ્રી અશ્વિનભાઈ મુકેશભાઈ મકવાણા
શ્રી જગદીશભાઈ ભીખાભાઈ કારેટીયા
શ્રીમતિ અનિતાબેન મહેશભાઈ ચૌહાણ
શ્રીમતિ સોનલબેન નિલેશભાઈ શિયાણી
શ્રી રાજેશભાઈ ગોકળભાઈ પિરોજા



# ૮૦માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

: શુભેચ્છક :

**સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન - અમરેલી**
**રાધાબેન શાંતિલાલ આડતિયા વિદ્યાસંકુલ**

રૂપાયતન ...where creativity is nourished !

**સંચાલિત વિભાગો**

- દીપક માધ્યમિક તથા ઉ.મા. વિભાગ - ચિતલ રોડ.
- શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રા.શાળા રૂપાયતન-ચિતલ રોડ.
- શ્રી એન.ડી. સંઘવી રૂપાયતન પ્રા.શાળા - મણિનગર.
- શ્રી ડી.કે. કામદાર રૂપાયતન પ્રા.શાળા - ચોરાપા.
- શ્રી રૂપાયતન અંગ્રેજી માધ્યમ બાલમંદિર - ચિતલ રોડ.
- શ્રીમતી ત્રિવેણીબેન જગજીવનદાસ મહેતા બાલમંદિર - ચિતલ રોડ.

**તેમજ ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો,શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તરફથી ૮૦માં સ્વતંત્ર્યતા દિને હાર્દિક શુભકામનાઓ પાઠવે છે**

સંપર્ક : (ઓ.) ૦૨૭૯૨ - ૨૨૩૬૧૮, ૨૨૩૧૩૦ - મો. ૯૪૦૮૧ ૫૭૦૯૨






# ૮૦માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

જમાને ભર મે મિલતે હે આશિક કઈ, મગર વતન સે ખુબસુરત કોઈ સનમ નહી હોતા
નોટો મે ભી લિપટ કર સોને મે સિમટકર મરે હે કઈ,મગર તિરંગો સે ખુબ સુરત કોઈ કફન નહી હોતા

:: શુભેચ્છક ::

**શ્રી દીપકભાઈ માલાણી** પ્રમુખ | **શ્રી રાજુભાઈ માલાણી** મેનેજર

તથા તમામ ડિરેક્ટરશ્રીઓ તેમજ કર્મચારીગણ...

**સાવરકુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘ-સાવરકુંડલા**



# ૮૦માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...



વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા...
આધિ રોટી ખાયેંગે,
દેશ કો બચાયેંગે...



શુભેચ્છક

**શ્રી પ્રતાપ દુધાત**

પૂર્વ ધારાસભ્ય
સાવરકુંડલાકુલીલીયા વિધાનસભા

પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
અમરેલી



# ૮૦માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

દેશ માટે પોતાના જીવનનું બલિદાન
આપનાર આપના દેશના શહીદોને
દિલથી ભાવભીની શ્રધ્ધાંજલિ આપીએ.
વંદેમાતરમ..જય હિંદ...
જય જવાન જય કિસાન...
ભારત માતા કી જય...





શુભેચ્છક

**શ્રી પરેશ ધાનાણી**

પૂર્વ ધારાસભ્ય
અમરેલી-કુંકાવાવ-વડિયા વિધાનસભા

# અમરેલી નજીક વરસડામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ






અમરેલીના વરસડા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લાને વધુ હરિયાળો, સ્વચ્છ અને પર્યાવરણમિત્ર બનાવવાના સંકલ્પ સાથે જિલ્લામાં ચાલી રહેલા વ્યાપક વૃક્ષારોપણ અભિયાનને આ કાર્યક્રમથી વધુ વેગ મળ્યો છે. વૃક્ષારોપણ દરમિયાન મુખ્યમંત્રીએ પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના મહત્વ પર ભાર મૂકયો હતો. વૃક્ષોનું જતન અને સંવર્ધન માત્ર પર્યાવરણ માટે જ નહીં, પરંતુ ભાવિ પેઢીના સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય માટે પણ અત્યંત જરૂરી છે. કાર્યક્રમમાં ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ મુખ્યમંત્રીનું ઉષ્માભેર અભિવાદન કરી સ્વાગત કર્યું હતું. વૃક્ષારોપણ અભિયાનને સફળ બનાવવા સૌએ સાથે મળીને વૃક્ષોના જતન અને સંવર્ધનનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અમરેલી જિલ્લામાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને હરિયાળીનું પ્રમાણ વધે તે માટે વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વરસડામાં યોજાયેલો આ કાર્યક્રમ પર્યાવરણ પ્રત્યેની સામૂહિક જવાબદારી અને જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યો છે. સ્વચ્છ, સુંદર અને હરિયાળું અમરેલી બનાવવાની દિશામાં આ અભિયાન મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યું છે.

## ૮૦ માં સ્વાતંત્રતા દિવસે શ્રી અરવિંદનો સંદેશ

**શ્રી અરવિંદ**
**પંદરમી ઓગષ્ટ ૧૯૪૭**

શ્રી અરવિંદ ઓગષ્ટ ૧૫, ૧૯૪૭ના દિવસે આપેલો સંદેશ ફરી ફરીને વંચાતો રહે અને તેનું રહસ્ય તેમના લાખો લાખો દેશબાંધવોને સમજાવાતું રહે એ ખૂબ જરૂરનું છે. ભારતને શ્રી અરવિંદની દ્રઢ પ્રતીતિની અને શ્રદ્ધાની ઘણી જ જરૂર છે.

—શ્રી માતાજી

ઓગષ્ટની ૧૫મી, એ સ્વતંત્ર ભારતનો જન્મદિવસ છે. એ દિવસથી એના માટે એક જૂના યુગનો અંત આવે છે. એક નવા કાળ નો આરંભ થાય છે. પરંતુ એ દિવસનું માત્ર આપણા માટે જ નહી, પણ એશિયા માટે અને આખાયે જગતને માટે એક રહસ્ય રહેલું છે; કેમ કે એ દિવસ રાષ્ટ્રોના મિત્ર સમુદાયમાં એક નવી શક્તિનો પ્રવેશ સૂચવે છે. આ નવી શકિત અકથિત શકયતાઓથી ભરેલી છે. અને તેણે માવનજાતિના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ભાવિનો નિર્ણય કરવામાં એક મોટો ભાગ ભજવવાનો છે. મને પોતાને અંગત રીતે સ્વાભાવિક રીતે જ આ વસ્તુ તૃપ્તિદાયક બની રહેવી જોઈએ કે આ તારીખ તો મારે પોતાને માટે જ ધ્યાન ખેંચે તેવી હતી, કારણ કે એ મારો પોતાનો જન્મદિવસ હતો એને જે લોકોએ મારા પોતાના જીવન દર્શનનો સ્વીકાર કરેલો છે તેઓ તેને દર વર્ષે ઉજવતા રહ્યા છે, એ તારીખ આ વિશાળ રહસ્ય ધારણ કરતી થઈ છે. એક યોગી તરીકે, આ એકરૂપતાને હું એક સહગામી ઘટનાતરીકે અથવા તો અણધાર્યા અકસ્માત તરીકે જોતો નથી, પરંતુ એ એકરૂપતામાં જે કામ લઈને મેં જીવન શરૂ કરેલું તે કામમાં મારાં પગલાંને દોરતી રહેતી દિવ્ય શક્તિની સંમતિ છે અને મહોરછાપ છે એમ હું જોઉ છું. ખરેખર જગતની જે જે પ્રવૃત્તિઓને મેં મારા જીવનકાળ દરમિયાન સંપૂર્ણ થવાની આશા રાખેલી હતી, જોકે એ સમયે તો તે અશકય સ્વપ્નો જેવી જ દેખાતી હતી. એ પ્રવૃતિઓમાંથી લગભગ બધીજ આજના દિવસે હું જોઈ શંકુ છું કે, કાં તો સફળ થવાની તૈયારીમાં છે અથવા તો તેમનાં મંડાણ થઈ ગયાં છે અને તે તેમની સિદ્ધિના માર્ગે નીકળી ચૂકી છે.

આ મહાન પ્રસંગે મને એક સંદેશ આપવાનું કહેવામાં આવ્યું છે, પણ હું કદાચ આ સંદેશ આપવાની સ્થિતિ માં ભાગ્યે જ છુ. હું માત્ર આટલું જ કરી શકું તેમ છું કે મારા બાળપણમાં અને યૌવનકાળમાં મેં જે લક્ષ્યો અને આદર્શોની કલ્પના સેવી હતી અને જેમની સિદ્ધિનો આરંભ થતો મેં નિહાળ્યો છે તેમનું હું એક અંગત નિવેદન કરી દઉં, કારણ કે આ લક્ષ્યો અને આદર્શો ભારતની સ્વતંત્રતાની સાથે સંબંધિત રહેલાં છે, એ બધાં હું જેને ભારતનું ભાવિ કાર્ય માનું છું તેના એક ભાગ રૂપે છે, એ કાંઈક એવી વસ્તુ છે કે જેમાં ભારત સેથી આગળ પડતું સ્થાન લીધા વિના રહી શકે તેમ નથી. કેમકે, હું હંમેશા માનતો રહ્યો છું અને કહેતો રહ્યો છું કે, ભારત ઉદય પામી રહ્યું છે તે માત્ર તેનાં પોતાના સ્થૂળ હિતોને સાધવા માટે જ નથી, વિસ્તાર, મહત્તા, શકિત અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે જ નથી. – જોકે આ બધાંને પણ તેણે ઉપેક્ષિત કરવાનાં નથી, —અને બીજા લોકો ઉપર આધિપત્ય મેળવવાને તો તે ખરેખર ઉદય પામતું નથી જ, પણ આખીએ માનવજાતિના એક સહાયક અને નેતા તરીકે પ્રભુ અને જગતને ખાતર પણ જીવવા માટે તે ઉદય પામી રહ્યું છે. આ લક્ષ્યો અને આદર્શો તેમના સ્વાભાવિક આ ક્રમમાં રહેલાં છે:

(શ્રી અરવિંદના પાંચ સ્વપ્નો)

– એક એવી ક્રાંતિ બની આવે કે જે ભારતની સ્વતંત્રતા અને તેની એકતાને સિદ્ધ કરી આપે;

– એશિયાનું પુનરુત્થાન અને મુકિત થાય અને માનવ સંસ્કૃતિની પ્રગતિમાં તેણે જે મહાન ભાગ ભજવ્યો હતો તે ભાગ ભજવવો તે પાછો શરૂ કરે;

– માનવજાતિ માટે એક નૂતન, એક વધુ મહાન, વધુ તેજસ્વી, વધુ ઉમદા જીવનનો ઉદય થાય અને તેની સંપૂર્ણ સિદ્ધિનો આધાર પ્રજાઓના અલગ અલગ અસ્તિત્વનું એક આંતરરાષ્ટ્રીય એકીકરણ થવા ઉપર રહેશે, એ એકીકરણ તેમના રાષ્ટ્રીય જીવનને સાચવી રાખશે તથા બરાબર અખંડિત રાખશે પણ તે એ બધી પ્રજાઓને એક સર્વોપરિ અને અંતિમ એકતામાં ભેગી લઈ આવશે;

– ભારતના તરફથી તેનું જે આપ્રયાત્મિક જ્ઞાન છે તથા આખીયે માનવજાતિને જીવનનું આધ્યાત્મિક સ્વરૂપ મેળવી આપવાનાં તેનાં જે સાધનો છે તેની આખીયે માનવજાતિને ભેટ ધરાવવી;

– છેવટે, વિકાસક્રમમાં એક નવું પગલું ભરાય, કે જે ચેતનાને એક ઉચ્ચ ભૂમિકા પર લઈ જઈને, અસ્તિત્વના જે અનેક અનેક પ્રશ્નો, મનુષ્યોએ વિચાર કરવા માંડયો અને વ્યકિગત સંપૂર્ણતા અને સપુર્ણ સમાજનું સ્વપ્ન સેવવા માંડયું ત્યારથી માનવજાતિને મૂંઝવતા અને પજવતા રહ્યા છે તે પ્રશ્નોના નિરાકરણનો આરંભ કરી આપશે.

ભારત સ્વતંત્ર તો બન્યું છે. પણ તેણે એકતા સિદ્ધ કરી નથી, માત્ર એક છેદાઈ ગયેલી અને ખંડિત સ્વતંત્રતા આવી છે. એક વખતે તો લગભગ એમ લાગતું હતું કે તે બ્રિટિશ અમલ પહેલાંની અલગ અલગ રાજયોની જે અંધાધૂંધી ચાલતી હતી તેમાં પાછું સરી જશે. સદ્‌ભાગ્યે હવે એક એવી બળવાન શકયતા વિકાસ પામી છે તેથી આ ભયાનક પીછેહઠ નિવારી શકાશે. બંધારણસભાની ડહાપણ ભરેલી મૂલગામી નીતિને પરિણામે હવે એ શકય બને છે કે દલિત વર્ગોનો પ્રશ્ન કશી ફાટફૂટ કે વિચ્છેદ વિના ઊકલી જશે. પરંતુ હિંદુ અને મુસલમાનના જે જૂના કોમી ભાગલા પડેલા છે તે દેશના એક કાયમી રાજકીય ભાગલાની આકૃતિ રૂપે સજજડ થઈ ગયા છે. એવી આશા રાખીએ કે કોંગ્રેસ અનેદેશ આ



સિદ્ધ થયેલી હકીકતને સદાને માટે સિદ્ધ થયેલી હકીકત રૂપે સ્વીકારશે નહિ. અથવા એક કામચલાઉ યોજના કરતાં તેને કોઈ વિશેષ વસ્તુ ગણવામાં આવશે નહિ. કેમ કે, ભાગલા જો ચાલુ રહેશે તો, ભારત ગંભીર રીતે દુર્બળ બની જશે; એ અપંગ પણ બની જશે; આંતરવિગ્રહ એ હંમેશા શકય રહેવાનો, એક નવું આક્રમણ અને પરદેશી સત્તાનો વિજય એ પણ શકય રહે. દેશના ભાગલા જવા જ જોઈએ, – આશા રાખીએ કે એ તંગદિલી ઓછી થવાથી થાય, શાંતી અને સુમેળની જરૂરની એક ક્રમેક્રમે વધતી જતી સમજણમાંથી થાય. બંને વચ્ચે એક સમાન અને એકત્રિત કાર્યની સતત જરૂર ઊભી થતી રહે. એ હેતુ માટે એકતાનું એક સાધન પણ ઊભું કરવામાં આવે. આ રીતે એકતા ગમે તે રૂપમાં બની આવે—જે ચોક્કસરૂપ બની આવે તેનું મહત્વવ્યવહાર પૂરતું હશે, પરંતુ તે મૂળ પાયાની મહત્વની વસ્તુ નહિ હોય. પરંતુ ગમે તે રીતના સાધન દ્વારા, ભાગલા જવા જ જોઈએ અને જશે જ. કેમ કે, એ ભાગલા ગયા વિના ભારતનું ભાવિ ગંભીર રીતે જોખમાઈ જશે અને અતિ નિષ્ફળ પણ થઈ જશે. પરંતુ એ ન જ થવું જોઈએ.

એશિયા ઉદય પામ્યું છે અને તેના મોટા મોટા ભાગો મુક્ત થઈ ગયા છે અથવા આ ક્ષણે મુક્ત થઈ રહ્યા છે; એના બીજા હજી પણ પરતંત્ર રહેલા ભાગો ગમે તે પ્રકારના સંઘર્ષ દ્વારા સ્વતંત્રતા તરફગતિ કરી રહ્યા છે. આ બાબતમાં માત્ર થોડુંક જ કરવાનું બાકી છે અને તે આજે કે આવતી કાલે થઈ જશે. ભારતે આ વિષયમાં તેનો ભાગ ભજવવાનો છે અને તે તેણે એક શકિત અને સામર્થ્યપૂર્વક ભજવવા માંડયો છે અને એ કયારનુંયે બતાવી આપે છે કે એની શકયતાઓ કયા પ્રકારની છે અને રાષ્ટ્રોની સમિતિમાં તે કયું સ્થાન લઈ શકે તેમ છે.

માનવજાતિનું એકીકરણ થવા લાગી ગયું છે, જો કે માત્રએક અપૂર્ણ આરંભની રીતે જ, માનવજાતિ સંગઠિત બનેલી છે.પણ તે પ્રચંડ મુશ્કેલીઓની સામે ઝૂઝી રહી છે. પરંતુ આ બાબતમાં વેગ મુકાઈ ગયો છે અને, જે ઈતિહાસના અનુભવને એક માર્ગદર્શક તરીકે લઈ શકાય તો તે, વિજય પામે નહિ ત્યાં સુધી અનિવાર્ય રીતે વધતો રહેવો જ જોઈએ. અહીં પણ ભારતે એક આગળ પડતો ભાગ ભજવવા માંડયો છે. ભારત જો વર્તમાન હકીકતો અને તત્કાલીન શક્યતાઓથી મર્યાદિત ન બની રહેતી તેમજ ભવિષ્યમાં દ્રષ્ટિપાત કરી શકતી અને ભવિષ્યને વધુ નજીકલાવી શકતી પેલી વધુ વિશાળ રાજનીતી વિકસાવી શકે તો, એક ધીમા અને ઠંડા વિકાસ તથા હિમ્મતભરેલા અને ઝડપી વિકાસ એ બે વચ્ચેનો આખોયે તફાવત ભારતની હાજરી રચી આપશે. અત્યારે જે કાર્ય થઈ રહ્યું છે તેમાં વચ્ચે એક મહા આપતિ ઉતરી આવે અને તેને અધવચથી અટકાવી દે અથવા તેનો નાશ કરી દે એવું થઈ શકે છે. પરંતુ ત્યારે પણ પરિણામ તો નિશ્ચિત જ છે. કેમકે ગમે તે સ્થિતિમાં કુદરતના ક્રમમાં એકી કરણ તો એક જરૂરી વસ્ત છે જ, એ એક અનિવાર્ય ગતિ છે અને તેની સિદ્ધિને વિષે આપણે સલામત રીતે અગાઉથી ભાખી શકીએ છીએ. રાષ્ટ્રને માટે પણ એકીકરણની આવશ્યકતા સુસ્પષ્ટ છે, કેમકે તેના વિના નાનાં નાનાં રાષ્ટ્રોની સ્વતંત્રતા હવે પછી કદી પણ સુરક્ષિત રહી શકશે નહીં. અને મોટાં અને બળ વાન રાષ્ટ્રો પણ સાચેસાચ સુરક્ષિત રહી શકશે નહી. એટલે આ વસ્તુ સર્વના હિતમાં છે કે એકતા બની આવવી જોઈએ. એકતાને માત્ર માનવમાં રહેલી નિર્વીર્યતા અને મૂર્ખ સ્વાર્થપરાયણતા જ અટકાવી શકશે. આ વસ્તુઓની સામે તો, એમ કહેવાયું છે કે દેવો પણ ઝૂઝવામાં નિષ્ફળ નિવડે છે, પરંતુ કુદરતની પોતાની આવશ્યકતા અને પ્રભુની દિવ્ય ઈચ્છાશક્તિ સામે આ વસ્તુઓ કાયમને માટે ટકી રહી શકવાની નથી. એમ થતા પછી રાષ્ટ્રવાદે પોતાનું કાર્યસંપૂર્ણ કરી લીધુ હશે; આંતરરાષ્ટ્રીય ભાવના અને દ્રષ્ટિની વૃદ્ધિ થવી જોઈએ અને આંતરરાષ્ટ્રીય રૂપે અને સંસ્થાઓ પણ ઉભા થવા જોઈએ; આ પરિવર્તનની પ્રક્રિયામાં બેવડી અથવા બહુવિધ નાગરીકતા મૂકીને પૂરેપૂરીજેવી ગતિવિધિ આવી શકે અને એમાં સંસ્કૃતિઓનું સ્વેચ્છાપૂર્વક સંમિશ્રણ પણ થઈ શકે અને રાષ્ટ્રવાદની ભાવના, પોતાની લડાયકવૃતિ પડતી મુકીને આ વસ્તુઓને પોતાના દષ્ટિ બિંદુની સમગ્રતાની સાથે પુરેપુરી સુસંગતતા પણ અનુભવી શકશે. એકત્વની એક નવી ભાવના માનવજાતિનો કબજો લેશે.

જગતને માટેની ભારતની આધ્યાત્મિક ભેટ તો કયારથીયે અપાવા લાગી છે. ભારતની આધ્યાત્મિકતા યુરોપ અને અમેરિકામાં એક સદાયે વધતા જતા પ્રમાણમાં પ્રવેશ કરી રહી છે. એ ગતિ વધતી જશે. કાળની ભયાનક દુર્ઘટનાઓ વચ્ચે વધુ ને વધુ આંખો ભારત તરફ આશાપૂર્વક તાકી રહી છે અને ભારતના જીવનદર્શનનો જ માત્ર નહિ, પરંતુ તેની ચૈતસિક અને આધ્યાત્મિક સાધનાનો પણ એક વધતો જતો આશ્રય લેવાઈ રહયો છે.

બાકીનુંતો હજી એક અંગત આશારૂપે અને એક વિચાર અને આદર્શ રૂપે છે અને તેણે ભારત તથા પશ્ચિમ બંનેમાં દૂરદર્શી માનસો ઉપર પકડ લેવા માંડી છે. પુરૂષાર્થ માટે બાજા કોઈ ક્ષેત્ર કરતા અહિં માર્ગમાં મુશ્કેલીઓ વધારે ભીષણ છે, પણ મુશ્કેલીઓ તો જિતાવાને માટે જ સર્જાયેલી છે. અને પ્રભુનો જો સંકલ્પ હશેતો તે જિતાઈ જશે. અહિં પણ, આ વિકાસક્રમ જો સિદ્ધ થવાનો હશે, કેમકે એ વિકાસ આત્મા અને આંતરિક ચેતનાની વૃદ્ધિ દ્વારા જ બની આવવો જોઈએ. તો તેની પ્રારંભક્રિયા ભારતમાંથી થઈ શકે છે. અને આ કાર્યનો પ્રદેશ જો કે વૈશ્વિક જ હોવો જોઈએ, તો પણ કેન્દ્રસ્થ ગતિ ભારતની રહી શકે છે.

ભારતની મુક્તિની આજની તારીખની અંદર હું આ રીતનું વસ્તુ મૂકી આપુ છુ. મેં જોડેલો આ સંબંધ સિદ્ધ થશે કે નહિ, થશે તો કેટલે સુધી અથવા કયારે તેને આધાર આ નૂતન અને મુક્ત ભારત ઉપર રહે છે.

**–શ્રી અરવિંદ**
પ્રકાશન સૌજન્યઃ
શ્રીઅરવિંદ સોસાયટી,
માણેકપરાઃ સ્વામીનારાયણ મંદિર પાસે, અમરેલી–૩૬૫૬૦૧
મો. ૯૩૭૭૪ ૪૮૬૪૪
(શૈલેષ કોટેચા) મો.
૯૪૨૭૦૨૦૫૦૦
(સુરેશભાઈ જોષી)

## ‘શિક્ષણ વેપાર નહી’ દરેક બાળકનો બંધારણીય અને માનવ અધિકાર છે
## સરકાર ખાનગીકરણની નીતિ છોડીને સરકારી શિક્ષણ મજબૂત બનાવે

અમદાવાદ, તા. ૧૪

દેશની શિક્ષણ વ્યવસ્થા આજે ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. શિક્ષણમાં વધતું ખાનગીકરણ, સરકારી પ્રાથમિક શાળાઓનું બંધ થવું, શિક્ષકોની ખાલી જગ્યાઓ, જર્જરિત શાળા મકાનો, પેપર લીક કેભાંડો, પરીક્ષા માફિયાઓ, ખાનગી કોચિંગ ઉદ્યોગનો બેફામ વિકાસ અને મેડિકલ – એન્જિનિયરિંગ જેવા ઉચ્ચ શિક્ષણમાં લાખો રૂપિયાની ફીના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બનતું જઈ રહ્યું છે.હું, માનવ અધિકાર કાર્યકર તરીકે, માનું છું કે શિક્ષણ કોઈ વેપારની વસ્તુ નથી, પરંતુ ભારતના બંધારણ દ્વારા આપવામાં આવેલો મૂળભૂત અધિકાર અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકારનો અભિન્ન ભાગ છે. ભારતના બંધારણની કલમ ૨૧એ દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર આપે છે. કલમ ૧૪ સમાનતાની ખાતરી આપે છે, જયારે કલમ ૪૬ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગોના શૈક્ષણિક હિતોનું રક્ષણ કરવાની રાજયની ફરજ નક્કી કરે છે. શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ પણ સરકારને ગુણવત્તાયુક્ત અને સુલભ શિક્ષણ આપવાની કાયદાકીય જવાબદારી સોંપે છે. આ ઉપરાંત, માનવ અધિકારોની સર્વભૌમ ઘોષણા (Universal Declaration of Human Rights-UDHR) ની કલમ ૨૬ અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય કરાર (ICESCR)ની કલમ ૧૩ શિક્ષણને મૂળ ભૂત માનવ અધિકાર તરીકે સ્વીકારે છે. ભારત આ આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું પણ પાલન કરવા માટે જવાબદાર છે.

દુ:ખની વાત એ છે કે આજે દેશમાં અનેક સરકારી શાળાઓમાં પૂરતા શિક્ષકો નથી, વર્ગખંડો નથી, પીવાના પાણી અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. અનેક આંગણવાડીઓ જર્જરિત મકાનોમાં ચાલી રહી છે. બીજી તરફ સરકારી શાળાઓને મજબૂત બનાવવાના બદલે તેને બંધ અથવા વિલીનીકરણ કરવામાં આવી રહી છે, જેના કારણે ગરીબ અને ગ્રામ્ય વિસ્તારોના બાળકોના શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે. ઉચ્ચ શિક્ષણમાં પણ સ્થિતિ ચિંતાજનક છે. મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોની લાખો રૂપિયાની ફી, હોસ્ટેલ અને ભોજનનો વધતો ખર્ચ, તેમજ ખાનગી કોચિંગનો ભારે બોજ સામાન્ય વિદ્યાર્થીઓ માટે અસહ્ય બની ગયો છે. અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માત્ર આર્થિક મુશ્કેલીઓને કારણે પોતાના અભ્યાસ અને સપનાઓ અધૂરા છોડી દે છે. આ સ્થિતિ બંધારણમાં સમાવાયેલા સમાન તક અને સામાજિક ન્યાયના સિદ્ધાંતોને ગંભીર રીતે અસર કરે છે.તાજેતરના વર્ષોમાં પેપર લીક અને પરીક્ષા ગેરરીતિઓએ લાખો યુવાનોના વિશ્વાસને આંચકો પહોંચાડયો છે. જયારે મહેનતુ વિદ્યાર્થીઓ વર્ષો સુધી તૈયારી કરે અને થોડા ભ્રષ્ટ તત્વો તેમની મહેનત પર પાણી ફેરવી દે, વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરવી પડે ત્યારે તે માત્ર પરીક્ષા વ્યવસ્થાની નહીં પરંતુ સમગ્ર શાસન વ્યવસ્થાની વિશ્વાસનીયતા પર પ્રશ્ન ઊભો કરે છે.વિદ્યાર્થીઓ શિક્ષણમાં સુધારાની માંગ કરે છે કારણ કે તેઓ પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવી રહ્યા છે. લોકશાહી દેશમાં વિદ્યાર્થીઓની વાજબી માંગણીઓને સાંભળવી અને તેના આધારે નીતિગત સુધારા કરવું સરકારની જવાબદારી છે. વિદ્યાર્થીઓના પ્રશ્નોને દમનથી નહીં, પરંતુ સંવાદ અને નીતિગત સુધારાથી ઉકેલવા જોઈએ.

હું કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ નીચેની માંગણીઓ કરૂં છું : સરકારી પ્રાથમિક શાળાઓનું બંધ કરવું અને વિલીનીકરણ તાત્કાલિક અટકાવવામાં આવે. શિક્ષકોની તમામ ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવે.દરેક આંગણવાડી અને સરકારી શાળાને પાકું મકાન તથા તમામ મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે.ખાનગી શૈક્ષણિક સંસ્થાઓની ફી પર અસરકારક નિયંત્રણ માટે સ્વતંત્ર નિયમન વ્યવસ્થા ઉભી કરવામાં આવે. મેડિકલ અને એન્જિનિયરિંગ સહિતના ઉચ્ચ શિક્ષણને સામાન્ય પરિવારો માટે પરવડે તેવું બનાવવામાં આવે.પેપર લીક અને પરીક્ષા માફિયાઓ સામે ઝડપી તપાસ અને કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. ગરીબ, દલિત, આદિવાસી, પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપ, હોસ્ટેલ અને ભોજન સહાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવે. શિક્ષણ પર જાહેર ખર્ચ વધારી સરકારી શિક્ષણ વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવે.શિક્ષણ કોઈ વિશેષાધિકાર નથી, તે દરેક બાળકનો અધિકાર છે. જે સમાજ પોતાના બાળકોને સમાન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકતો નથી, તે સમાજ સામાજિક ન્યાય, સમાનતા અને લોકશાહીના આદર્શોને સંપૂર્ણ રીતે સાકાર કરી શકતો નથી. સરકારે શિક્ષણના ખાનગીકરણને પ્રોત્સાહન આપવાને બદલે બંધારણની ભાવના અનુસાર જાહેર શિક્ષણ વ્યવસ્થાને મજબૂત બનાવવા તાત્કાલિક અને અસરકારક પગલાં ભરવા જોઈએ.

**– કાંતિલાલપરમાર**
**માનવ અધિકાર કાર્યકર,**
**અમદાવાદ, ગુજરાત**

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં
## લીલીયા મોટા ખાતે ટીબીના દર્દીઓને પોષણ સહાય કીટનું વિતરણ
### સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહયા

અમરેલી, તા. ૧૪

લીલીયા મોટા ખાતે આવેલ અટલ ધારા કાર્યાલય ખાતે સરકારના આરોગ્ય વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલા પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણ સહાય કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે દાતા ઘનશ્યામભાઈ મુલસાણીયાના સહયોગથી લીલીયા તાલુકાના કુલ ૩૦ ટીબીના દર્દીઓને વિનામૂલ્યે પોષણ સહાય કીટ આપવામાં આવી હતી. સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ્ હસ્તે પોષણ સહાય કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટીબીના દર્દીઓને સારવાર દરમિયાન યોગ્ય પોષણ મળી રહે અને તેઓ ઝડપથી સ્વસ્થ થાય તેવા હેતુથી આ સહાય કરવામાં આવી હતી.આ



પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમાજના દાતાઓ અને સેવાભાવી સંસ્થાઓને આગળ આવી સહયોગ આપવા અપીલ કરી હતી. સાથે જ ટીબીના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ રાખી તેમને જરૂરી પોષણ અને સારવાર મળી રહે તે માટે સૌએ સહભાગી બનવા અનુરોધ કર્યો હતો આ તકે તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિદ્ધપુરા,જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી,ગૌતમભાઈ વિછીયા, ભીખાભાઈ ધોરાજીયા,યુવા ભાજપ પ્રમુખ ધર્મેશ દેસાઈ, ભરતભાઈ ઠુંમર સહિત ના સેલ મોરચાના હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું એરપોર્ટ પર ઉષ્માભર્યુ સ્વાગત






૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી પધાર્યા છે. ત્યારે અમરેલી એરપોર્ટ પર મુખ્યમંત્રીનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં હતું. આ તકે એરપોર્ટ ખાતે કૃષિ મંત્રી અને અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, પોલીસ મહા નિર્દેશક આર.વી.અસારી, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ સહિતના સ્થાનિક અગ્રણીઓ – અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

શ્રી જૈમિન પાઠક
(એડવોકેટ)
દસ્તાવેજ તેમજ રેવન્યુના તમામ કામ કરી આપનાર-લીલીયા મોટા
યુવાપ્રમુખશ્રી લીલીયા સમસ્ત બ્રહ્મસમાજ

શ્રી કિશોરભાઈ પાઠક
(એડવોકેટ-ગુજરાત હાઈકોર્ટ)
પ્રમુખશ્રી : લીલીયા સમસ્ત બ્રહ્મસમાજ

શ્રી વર્જની ભાલાળા
(એડવોકેટ-ગુજરાત હાઈકોર્ટ)

પાઠક એસોસિએટ્સ-લીલીયા મોટા



## ૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...

શુભેચ્છક

શ્રીમતિ રીનાબેન દેવરાજભાઈ બાબરીયા
સદસ્યશ્રી : અમરેલી નગરપાલિકા-વોર્ડ નં.૩
કારોબારી સદસ્યશ્રી : અમરેલી જિલ્લા ભાજપ

શ્રી દેવરાજભાઈ બાબરીયા
ઉપ પ્રમુખશ્રી
અમરેલી શહેર ભાજપ



## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

શ્રી જીજ્ઞેશભાઈ એમ. સાવજ
સદસ્યશ્રી : જિલ્લા પંચાયત
મુ. લીલીયા મોટા, જી. અમરેલી



## ૮૦માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

SHREE HARI
Estate Agency

શ્રી હરી એસ્ટેટ

Happy Independence Day

Home, Shope,
Plot & Agriculture
Property Broker

નિલેષભાઈ સેદાણી
Mo. 98793 24624
ગર્વેશભાઈ સેદાણી



## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ

15th AUGUST Independence Day
HAPPY REPUBLIC DAY

|| શુભેચ્છક ||

શ્રી રવુભાઈ ખુમાણ
ડાયરેક્ટર : ધી રાજુલા નાગરિક સહકારી બેંક લી.
પૂર્વ પ્રમુખ : નગરપાલિકા રાજુલા
પૂર્વ મહામંત્રી : જીલ્લા ભાજપ અમરેલી
કારોબારી સભ્ય : પ્રદેશ કિસાન મોરચા
(બોટાદ પ્રભારી) મું. રાજુલા, જી. અમરેલી.



## ૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ

India REPUBLIC DAY

શુભેચ્છક

શ્રી અનિલ વેકરીયા
ચેરમેનશ્રી

શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા



## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભકામનાઓ...

સ્વતંત્રતા દિવસ નિમિતે સમગ્ર ભારતવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
સ્વતંત્રતા દિવસના શુભ પ્રસંગે આવો આપણે રાષ્ટ્રને સલામત, સમૃદ્ધ અને સર્વશ્રેષ્ઠ બનાવવાનો સંકલ્પ કરીએ...

શ્રી નાથાલાલ સુખડીયા
સામાજીક અગ્રણી

શ્રીમતિ ભાવનાબેન નાથાલાલ સુખડીયા
સદસ્યશ્રી : તાલુકા પંચાયત અમરેલી.
મુ. દેવભૂમિ દેવળીયા
તા.જી.અમરેલી



## ૮૦માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

### ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.
'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧
ઈ-મેઈલ :ho@ajms.bank.in વેબસાઈટ :www.ajms.bank.in

(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)

| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૦-૦૨-૨૦૬ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| A | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| B | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| C | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| D | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૫.૧૦ | ૫.૬૦ |
| E | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| F | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| G | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| H | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| I | ૫ વર્ષથી ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| J | ડબલ (સ્પેશ્યલ ફીક્સ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને સને ૧૯૫૧ થી સતત ઓડીટ વર્ગ અ ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂ. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત ૭૧ શાખાઓ સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક.
- ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેક્ટર તથા દ્રીચક્રી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂ.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
- બેંકમાં RTGS, NEFT, IMPS, UPI, (બીલ પેમેન્ટ) BBPS, (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેક્શનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફક્ત રૂ. ૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.
- બેંકની વ્યક્તિગત આકસ્મિક વીમા યોજના અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના લોકોને રૂ. ૫,૦૦,૦૦૦/- લાખનું અકસ્માત વીમાનું કવચ.
- ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂ. ७,००,०००/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૦૦% ના વ્યાજ દરે તેમજ ગોલ્ડ લોન સી.સી. સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૦% સુધી અને વધુમાં વધુ રૂ. ૧૫,૦૦,૦૦૦/- લાખ સુધીની માત્ર ૯.૫૦% ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.

(બી. એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ) | (અરૂણભાઈ પટેલ) વાઈસ ચેરમેન | (દિલીપભાઈ સંઘાણી) ચેરમેન

ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.,- અમરેલી



## ૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...

યુગોની શહિદોનું આ સ્વપ્ન છે
મારી માતૃભૂમિનું આ જ રહસ્ય છે,
બલિદાનીઓના કંઈ લેખા નથી.
મા ભારતનું આજે સ્વતંત્રતાનું પર્વ છે.

શુભેચ્છક

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

ઓક્સફર્ડ
સ્કૂલ ઓફ સાયન્સ

:: સંસ્થાના માર્ગદર્શકશ્રીઓ ::

ગુરુવર્યશ્રી એચ.એલ.પટેલ સાહેબ
માન.શ્રી પરશોતમભાઈ રૂપાલા
(માન.ધારાસભ્ય - રાજકોટ)

મયુર ગજેરા
(સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા)

નિલેશ ગજેરા
(ડાયરેક્ટર)

પ્રહલાદ વામજા
(કેમ્પસ ડાયરેક્ટર)

કેરીયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં,અમરેલી. ફોન : 02792-230010/20, મો. : 63529 29855



## ૮૦માં સ્વાતંત્ર્ય દિવસ
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...

INDIA

શુભેચ્છક

જય જવાન જય કિસાન

### શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી
સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...

■ નવા માર્કેટયાર્ડમાં સુવિધાઓ :- ૧૦૦ ફુટ પહોળાઈનો મુખ્ય રસ્તો તથા ૫૦ ફુટ પહોળાઈનાં તમામ આંતરીક રસ્તાઓ શુસોભિત પ્લાન્ટેશનવાળા ડીવાઈડર તથા સ્ટ્રીટલાઈટ આવેલ છે. ■ ૨ (બે) લાખ ચો.ફુટનો વિરાટ ઓક્શન શેડ ■ ૧૦ મે. ટનના ૨ (બે) તથા ૫૦ મે. ટન ક્ષમતાના વે-બ્રિજની સુવિધા ■ ૨૫,૦૦૦ ચો.ફુટનો એક એવા ૯ વિશાળ ઓક્શન (હરરાજી) શેડ સુવિધા ■ ૫૦૦૦ મેટ્રીક ટન ક્ષમતાના વિશાળ ૪ (ચાર) વેરહાઉસ ગોડાઉન સુવિધા ■ ૮ વીઘા જેટલી વિશાળ જગ્યામાં ઓપન પ્લેટફોર્મની સુવિધા ■ ખેડૂતોને જમવા માટે રાહતદરે પાસની વ્યવસ્થા તથા રાત્રી રોકાણ માટે સુંદર મજાના આરામ ગૃહની સુવિધા ■ સમગ્ર કેમ્પસને સી.સી.ટી.વી. સર્વેલન્સ (કેમેરા) થી આવરી લેવામાં આવેલ છે ■ મોબાઈલ એપ્લીકેશન : ખેડૂતો તથા તમામ વ્યક્તિઓ માર્કેટયાર્ડમાં આવતી જણસીઓની વિગત તથા દૈનિક ભાવ તેમજ અગાઉના સમયના ભાવ તથા સંસ્થાની અદ્યતન માહિતી ઉપલબ્ધ સુવિધા ■ સબ માર્કેટયાર્ડમાં સુવિધાઓ :- શાકમાર્કેટ-ફ્રુટમાર્કેટનાં સ્ટોલધારકને સ્ટોલમાં જ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે ■ શાકમાર્કેટમાં શાક-ફ્રુટ ખરીદવા આવતા ગ્રાહકો માટે લાઈટની સુવિધા તેમજ ટોયલેટની સુવિધા ઉપરાંત પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે ■ સમગ્ર કેમ્પસમાં અન્ડરગ્રાઉન્ડ ઇલેક્ટ્રીફિકેશનથી આવરી લેવામાં આવેલ છે ■ સમગ્ર કેમ્પસમાં રોજેરોજ સફાઈ કામગીરી કરાવી સ્વચ્છ રાખવામાં આવે છે

તુષાર એચ. હપાણી સેક્રેટરી | સુરેશભાઈ એમ. રોકડ વા.ચેરમેન | શૈલેષભાઈ બી. સંઘાણી ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત ગલ્સ સ્કૂલ, ચલાલા ખાતે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને અવકાશ વિજ્ઞાન પ્રત્યે રસ જાગૃત થાય તે હેતુથી વિશેષ વિજ્ઞાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઈસરોના સાઈનટીસ્ટ ડો. જયંત જોશી તેમજ રમણ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશનના ડાયરેકટર ડો.ચંદ્રમૌલી જોશી વિશેષ ઉપસ્થિત રહયા હતાં. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટયથી થયો હતો. ત્યારબાદ રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દીકરીઓએ સ્વાગત ગીત રજુ કર્યુ હતું. ભારતભૂષણ મહેશભાઈ મહેતાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ. જયારે પ.પૂ. સંત ડો. રતિદાદાએ પોતાના આશીર્વચન દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી. ઈસરોના સાઈનટીસ્ટ ડો.જયંત જોશીએ પ્રેઝન્ટેશન દ્વારા અવકાશ વિજ્ઞાન, ઈસરોની સ્થાપના, તેની વિકાસયાત્રા તા ભારતની મહત્વપૂર્ણ અવકાશ સિદ્ધિઓ અંગે વિસ્તૃત અને રસપ્રદ માહિતી આપી હતી. તેમણે અત્યંત સરળ ભાષા અને ઉદાહરણો દ્વારા વૈજ્ઞાનિક બાબતો વિદ્યાર્થીઓ સમજી શકે તેવી શૈલીમાં રજુ કરી હતી. તેમની રજુઆત દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોતરીમાં ભાગ લઈ પોતાની જિજ્ઞાસા વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સંસ્કૃત શકિત ગુરૂકુલ, રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ ડાયરેકટર શીતલબેન મહેતાએ આયોજન અને સંકલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

### આગામી ૧૬ તારીખ સુધી સૌ કોઈ નિહાળી શકશે

## અમરેલીમાં સ્નાઈપર રાઈફલ, ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર જેવા અત્યાધુનિક શસ્ત્રોનું પ્રદર્શન શરૂ

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં રાજયકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ગુજરાત પોલીસ દ્વારા અત્યાધુનિક શસ્ત્રોના પ્રદર્શનનો ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે પ્રારંભ થયો હતો. અમરેલી શહેરની સમર્થ વ્યાયામ શાળ ા ખાતે આ શસ્ત્ર પ્રદર્શન અમરેલીવાસીઓ તા. ૧૩ થી ૧૬ ઓગસ્ટ દરમિયાન નિહાળી શકશે. આ પ્રદર્શનમાં ગુજરાત પોલીસનાં ચેતક માન્ડો ફોર્સનાં અત્યાધુનિક શસ્ત્રો તેમજ ઉપકરણો પ્રદર્શન અર્થે મૂકવામાં આવ્યા છે. આ પ્રદર્શનને ખુલ્લું મૂકતા રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, અમરેલીનાં આંગણે દીવાળી જેવો માહોલ સર્જાયો છે. રાજય સરકારે અમરેલીને રાજયકક્ષાની ઉજવણીની તક આપી અને અમરેલીએ તેને હરખભેર વધાવી છે. પ્રદર્શનનાં શસ્ત્રો આપણી આધુનિક ફોર્સની સજજતા દર્શાવે છે. આપણા જવાનો પાસે અત્યાધુનિક હથિયારોહોવાથી દેશની સુરક્ષા સઘન બની છે, જેના માટે કેન્દ્ર સરકાર અને ગુજય સરકારનો આભાર વ્યક્ત કરૂં છું. અમરેલીવાસીઓને આ પ્રદર્શન નિહાળવા માટે રાજયમંત્રીએ અપીલ કરી હતી.આ પ્રદર્શનમાં લાંબા અંતરની ચોક્કસાઈ ભરી કામગીરી માટે ૭.૬૨ પીમી સ્નાઈપર રાઈફલ (ઈશાપોર) અને ૭.૬૨ મીમી ગેલિલ સ્નાઈપર રાઈફલનો સમાવેશ થાય છે. વિવિધ કારની વિશેષ કામગીરી માટે વિધ્વંસક (એન્ટી મટિરિયલ રાઈફલ), એકે–૪૭, ૭.૬૨ મીમી ઘાતક રાઈફલ, સિગ સોઅર ૫.૫૬ મીમી એસએફ રાઈફલ, ૫.૫૬ મીમી એકસકેલિબર અને ઈન્સાસ રાઈફલ જેવી આધુનિક રાઈફલો પણ ઉપલબ્ધ છે.

ખાસ કરીને વિધ્વંસક એન્ટી મટિરિયલ રાઈફલ બંકર, હળવા બખ્તરબધ વાહનો, રડાર તથા અન્ય મહત્વપૂર્ણ લક્ષ્યો સામેની વિશેષ કામગીરીમાં ઉપયોગી છે.

કમાન્ડો ફોર્સની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે ૩૦ મીમી ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર, ૪૦ મીમી અન્ડર બેરલ ગ્રેનેડ લોન્ચર, ગ્લોક પિસ્તોલ, એમપી–૫ શ્રેણીની સબ–મશાનગન, જેવીપીસી અને અમોઘ કાર્બાઇન જેવા વિવિધ આધુનિક શસ્ત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

કોર્નર શોટ સિસ્ટમ જેવી વિશેષ વ્યવસ્થા કમાન્ડોને આડશમાં રહીને ખૂણાની બહારનાં વિસ્તારનું નિરીક્ષણ તથા જરૂરી કામગીરી કરવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત મલ્ટી સેલ લેન્ચર, ૩૮.૮ મીમી ગેસ ગન અને ટેઝર ગન જેવા સાધનો નિયંત્રણ આધારિત તથા બિનઘાતક કામગીરીમાં ઉપયોગી છે.આધુનિક શસ્ત્રો, બિનઘાતક સાધનો, નાઈટ વિઝન ટેકનોલોજી, ઓપ્ટિકલ સાધનો, રપલિંગ સાધનો અને વિશેષ તાલીમના સુમેળથી ચેતક કમાન્ડો ફોર્સ ગુજરાત પોલીસની વિશેષ કામગીરી ક્ષમતાને વધુ મજબૂત બનાવી રહી છે.

આ શસ્ત્ર પ્રદર્શન નાગરિકો માટે રાજયની સુરક્ષા વ્યવસ્થામાં ઉપયેગમાં લેવાતા આધુનિક શસ્ત્રો, સાધનો, ટેકનોલોજી અને કમાન્ડો ફોર્સની વિશેષ કામગીરી ક્ષમતાને નજીકથી જાણવાનો મહત્વપૂર્ણ અવસર બની રહ્યું છે. આ પ્રદર્શન દ્વારા સુરક્ષા ક્ષેત્રમાં આધુનિકતા સાથે તાલ મિલાવી રહેલી ગુજરાત પોલીસની સજજતા અને સક્ષમતાની ઝલક જોવા મળશે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં પ્રમુખ દક્ષાબહેન ચોડવડીયા, સાવરકુંડલા–લીલીયા મત વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ વૈશાલીબહેન માંગરોળિયા, અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપ કુમાર, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, અડાણી અતુલ કાનાણી, નગરપાલિકાના સભ્યો, અધિકારી, વિધાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## અમરેલી : કેવીકે ખાતે ''હર ઘર તિરંગા'' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી



અમરેલી, તા. ૧૪

આગામી ૧૫ મી ઓગસ્ટ, સ્વાતંત્ર દિન ૨૦૨૬ની ઉજવણીના અનુસંધાને 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી કૃષિ વિગ્યાન કેંદ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ખાતે યોજાયેલ. આ કાર્યક્રમ કેવીકે ના વરિષ્ઠ વૈગ્યાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ તા. ૧૩/૮/૨૬ના રોજ આયોજિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમ દરમિયાન કેવીકેના સર્વે સ્ટાફ તેમજ ઉપસ્થિત બહેનોએ રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અને દેશભક્તિની શપથ લીધી હતી. ત્યારબાદ દેશભક્તિના નારા સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેવીકે અમરેલી દ્વારા આયોજિત આ રેલીમાં આશરે ૬૪ જેટલી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હાથમાં તિરંગો લઈને બહેનોએ દેશભક્તિના નારા લગાવી સમગ્ર વાતાવરણને રાષ્ટ્રપ્રેમથી ગુંજાવી દીધું હતું. 'હર ઘર તિરંગા' અભિયાનના માપ્રયમથી નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે ગૌરવ, સન્માન અને દેશભક્તિની ભાવના વધુ મજબૂત થાય તેવો સંદેશઆપવામાં આવ્યો હતો. બહેનોની ઉત્સાહભરી ભાગીદારીથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## લાઠી શહેરમાં ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ



અમરેલી, તા. ૧૪

દેશભકિત અને રાષ્ટ્રભાવનાને ઉજાગર કરવાનાં હેતુસર લાઠી શહેર ખાતે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ તિરંગા યાત્રામાં શહેરના આગેવાનો, ભાજપનાં કાર્યકર્તાઓ, યુવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

તિરંગા યાત્રા દરમિયાન સમગ્ર લાઠી શહેર દેશભકિતના રંગે રંગાયું હતું. હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે મોટી સંખ્યામાં લોકો યાત્રામાં જોડાતા શહેરમાં દેશભકિતનો માહોલ સર્જાયો હતો. ભારત માતા કી જય અને વંદે માતરમનાં જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયુ હતું.

ધારાસભ્યએ તિરંગા યાત્રામાં ઉપસ્થિત રહી સૌને રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન, દેશ પ્રત્યેની જવાબદારી અને રાષ્ટ્રભાવનાને વધુ મજબુત બનાવવાનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તિરંગો માત્ર ભારત દેશનું રાષ્ટ્રધ્વજ નથી પરંતુ દેશની એકતા, અખંડિતતા, શૌર્ય, ત્યાગ અને ગૌરવનું પ્રતિક છે.યાત્રામાં જોડાયેલા યુવાનો અને નાગરિકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર યાત્રા દરમિયાન દેશભકિતના નારા અને તિરંગાની શાન સાથે લોકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ પ્રબળ બની હતી.ધારાસભ્યએ જણાવ્યું હતું કે, દેશની આઝાદી માટે અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓએ આપેલા બલિદાનને યાદ કરીને નવી પેઢીમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભકિતની ભાવના જગાવવી એ આપણી સૌની જવાબદારી છે. તિરંગા યાત્રા જેવા કાર્યક્રમો થકી સમાજમાં રાષ્ટ્ર પ્રથમની ભાવના વધુ મજબુત બને છે.

## અમરેલી એસ.ટી. ડિવિઝન તાબાનાં એસ.ટી. ડેપોમાં એપ્રેન્ટીસની ભરતી કરાશે

અમરેલી, તા. ૧૪

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગ ખાતે એપ્રેન્ટીસની મંજુરી સામે અમરેલી વિભાગના તાબા હેઠળના વિભાગીય કચેરી, વિભાગીય યંત્રાલય, અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના કોડીનાર ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ અન્વયે ઓકટોબર–૨૦૨૬ના ભરતી સત્ર માટે એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરવાની થતી હોવાથી વહીવટી સાઈડે ધોરણ ૧૨ પાસ અને મીકેનીક સાઈડે ધોરણ ૧૦ પાસ ફરજીયાત તથા આઈ. ટી. આઈ.ના કોપા / ડીઝલ મીકેનીક / એમ.એમ.વી. / ઈલેકટ્રીશયન / ફિટર / વેલ્ડર/વાયરમેન ટ્રેડમાં પાસ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે ભરતી કરવાની થાય છે. લાયકાત ધરાવતા ઉમેદવારની ઉંમર જાહેરાત પ્રસિપ્રધ થયા તારીખના રોજ ૧૮વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા ઉમેદવારોએ તા. ૧૪/૦૮/૨૦૨૬ થી તા. ૧૧/૦૯/૨૦૨૬ સુધીમાં કચેરીનાં ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અરજીપત્રક વિભાગીય કચેરી, લાઠી રોડ, અમરેલી ખાતેથી રૂબરૂમાં ફકત રૂા. ૫/–ની કિંમતે સમય ૧૧–૦૦ થી ૧૬–૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે અને મેળવેલ અરજી પત્રકો ઉમેદવારો દ્વારા ભરી તા. ૧૪/૦૯/૨૦૨૬નાં રોજ સાંજના ૧૬–૦૦ કલાક સુધીમાં સદર કચેરી ખાતે જમા કરાવાના રહેશે અને ત્યાર બાદ તા. ૧૪/૦૯/૨૦૨૬નાં રોજ બાદ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે નહીં, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી અને આ માટે વધુ માહિતી મેળવવા વિભાગીય નિયામકશ્રીની કચેરી, લાઠી રોડ, અમરેલી ખાતે રૂબરૂ સંપર્ક સાધવો.

વધુમાં સદર ભરતીમાં અરજી કરનાર ઈચ્છુક ઉમેદવારોએ દર્શાવેલ વેબસાઈટ http:// www.apprenticesshipindia.gov.in ઓનનલાઈન રજીસ્ટ્રેશન (જેમાં સ્કુલલીવીંગ સર્ટીફીકેટ, ૧૦ / ૧૨ પાસ કર્યાની માર્કશીટ તથા આઈ.ટી. આઈ.નાં ટ્રેડમાં પાસ થયાની માર્કશીટ, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે) ફરજીયાત કરવાનું રહેશે, જે ઉમેદવારો દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં નહી આવેલ હોય તેવા ઉમેદવારોના ફોર્મ રદ/કમી પાત્ર ગણાશે. જેની તમામે ખાસ નોંધ લેવી.

### સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત

## અમરેલીમાં રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં વિજેતા જાહેર થયા

### સ્પર્ધામાં પ્રથમ સ્થાને જયોતિ પંડયા

અમરેલી, તા. ૧૪

રાજયકક્ષાનાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અમરેલી જિલ્લામાં થઈ રહી છે. ત્યારે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી, અમરેલી દ્વારા આયોજીત રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં અમરેલીવાસીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ રીલ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધાનાં વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં સ્પર્ધાનાં વિષયો અમરેલી જિલ્લાની ૮ દાયકાની વિકાસયાત્રા ૮૦માં સ્વાતંત્ર્ય પર્વે દેરભકિતનાં રંગે રંગાતું અમરેલી (દેશભકિતનો સંદેશ આપતી કૃતિ), ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી અમરેલીનાં આંગણે લોકોના હૈયે અનેરો ઉત્સાહ વિષય અંતર્ગત સ્પર્ધકોએ રીલ અથવા શોર્ટ ફિલ્મ તૈયાર કરીને મોકલી હતી.

રિલ્સ સ્પર્ધામાં પ્રથમ ક્રમ જયોતિ પંડયા, બીજો ક્રમ વિધાર્તી પટેલ, ત્રીજો ક્રમ જીજ્ઞેશ મહેતા તથા મૌલીક મયાત્રા વિજેતા જાહેર કરાવ્યા હતા. તેમજ શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિરલ એન્ડ ટીમ, બીજા ક્રમે તેજલબેન ભુવા અને ત્રીજા ક્રમે ડી.જે. મહેતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

## કુતાણા ગામે કોમ્યુનિટીહોલ અને લોકી ગામે નવનિર્મિત બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરાયુ




અમરેલી, તા. ૧૪

સાવરકુંડલા–લીલીયા મતક્ષેત્રના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સતત માર્ગદર્શન હેઠળ લીલીયા તાલુકામાં વિકાસકામોની શ્રૃંખલા આગળ ધપી રહી છે. જેના ભાગરૂપે લીલીયા તાલુકાના કુંતાણા ગામે નવનિર્મિત કોમ્યુનિટી હોલ તથા લોકી ગામે બસ સ્ટેન્ડનું લોકાર્પણ જિલ્લા પંચાયત સદસ્ય જીગ્ન ેશ સાવજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું કુંતાણા ખાતે કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ થવાથીગ્રામજનોને સામાજિક તથા સાર્વજનિક પ્રસંગો માટે ઉત્તમ સુવિધા મળ ી રહેશે, જયારે લોકી ગામે બસ સ્ટેન્ડનું નિર્માણ થવાથી મુસાફરો તથા વિદ્યાર્થીઓને વાહનવ્યવહારમાં મોટી રાહત મળશે.આ લોકાર્પણ પ્રસંગે ભીખાભાઈ ધોરાજીયા, ચતુરભાઈ કાકડિયા, કુંતાણાના સરપંચ અને મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, લોકી ગામના સરપંચ કિરીટભાઈ સોળીયા, તાલુકા પંચાયત સદસ્ય રણજીતભાઈ ખુમાણ, ભાસ્કરભાઈ પટેલ, ભરતભાઈ ઠુંમર, રમેશભાઈ પરમાર, વાઘણીયાના સરપંચ બાલાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત પ્રશાસનિક સ્તરેથી અતિરિક તાલુકા વિકાસ અધિકારી (એટીડીઓ) જીગુબેન યાજ્ઞિક, તાલુકા પંચાયત એન્જિનિયર રૂકસાનાબેન પઠાણ સહિતના સંબંધિત અધિકારીઓ, બંને ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ બોહળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે

# અમરેલી : સ્લમ વિસ્તારના બાળકોને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કીટ વિતરણ



અમરેલી ખાતે ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે મૂકબધિર શાળાના બાળકો તેમજ 'સ્કૂલ ઓન વ્હીલ્સ'માં અભ્યાસ કરતા બાળકોને સ્પોટ્ર્સ અને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.પી.જી.વી.સી.એલ.ના અનુદાનથી શરૂ કરવામાં આવેલી 'સ્કૂલ ઓન વ્હીલ્સ' પહેલ અંતર્ગત સ્લમ વિસ્તારના બાળકોને શિક્ષણની મુખ્ય ધારામાં જોડવાના પ્રયાસ. કરવામાં આવી રહ્યા છે. મોબાઈલ શાળાના માધ્યમથી જરૂરિયાતમંદ અને વંચિત વિસ્તારના બાળકો સુધી શિક્ષણની સુવિધા પહોંચાડવામાં આવી રહી છે. આ પ્રસંગે બાળકોને રમતગમત માટે પ્રોત્સાહન મળે તે હેતુસર સ્પોટ્ર્સ કીટ તેમજ અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ બાળકો સાથે સંવાદ કરી તેમને અભ્યાસ અને રમતગમત ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સમાજના છેવાડાના વિસ્તારના બાળ કોને શિક્ષણ, રમતગમત અને વિકાસની તકો સાથે જોડવા માટે હાથ ધરવામાં આવતી આવી સેવાકીય પહેલ સમાજના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે. રાજયમંત્રીએ સ્લમ વિસ્તાર સહિતના છેવાડાના વિસ્તારોમાં રહેતા બાળકોને મુખ્ય પ્રવાહ સાથે જોડવાના રોટરી ક્લબના પ્રયાસોને બિરદાવ્યા હતા. શિક્ષણ સાથે રમતગમત અને સર્વાંગી વિકાસની તકો ઉપલબ્ધ કરાવી બાળકોમાં આત્મવિશ્વાસ અને પ્રતિભાનો વિકાસ થાય તે દિશામાં કરવામાં આવી રહેલા પ્રયાસોની તેમણે પ્રશંસા કરી હતી. 'સ્કૂલ ઓન વ્હીલ્સ' જેવી પહેલના માધ્યમથી શિક્ષણથી વંચિત રહી જતા બાળ કો સુધી શિક્ષણ પહોંચાડવા ઉપરાંત તેમની પ્રતિભાને યોગ્ય દિશા આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સમાજના દરેક,વર્ગના બાળ કોને સમાન તક મળે અને તેઓ શિક્ષણ તથા રમાગમત ક્ષેત્રે આગળ વધે તે માટેના આવા પ્રયાસો સમાજમાં સમાનતા અને સશક્તિકરણની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરના હોદ્દેદારો, સામાજિક અગ્રણીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી શહેર રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વને લઈને રંગબેરંગી રોશનીથી ઝળહળ્યું



૮૦માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી માટે સમગ્ર અમરેલી શહેર દેશભકિતના રંગે રંગાઈ ગયું છે આ ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક સ્તરે આયોજન અને સજમાવટ કરવામાં આવી છે. શહેરના મુખ્ય રાજમાર્ગો, સરકારી ઈમારતો અને મહત્વના સ્થળો રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠયા છે રાત્રિના સમયે આ આકર્ષક સુશોભન થકી સમગ્ર અમરેલી વધુ રળિયામણું બન્યું છે. આ રાષ્ટ્રીય મહાપર્વને બિરદાવવા અને રાજયકક્ષાની ઉજવણીમાં ભાગીદાર બનવા માટે અમરેલીવાસીઓમાં ઉત્સાહ અને રાષ્ટ્રપ્રમનો અનોખો જોવા મળી રહયો છે.















૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
HAPPY
INDEPENDENCE
DAY
શુભચિંતક
ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
હરીબા મહિલા કોલેજ
શ્રી રામ હોસ્પીટલ
માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમ
શિવ બાલાશ્રમ
શ્રી કૃષ્ણ ગૌશાળા
સંસ્કૃત શકિત ગુરૂકુળ
રક્ષા શકિત સ્કૂલ
પુ.સંતશ્રી ડો.રતિદાદા
(સંસ્થાના શિલ્પી)
શ્રી મહેશભાઈ મહેતા
ડાયરેકટરશ્રી (ભારત ભૂષણ)
ગાયત્રી સંસ્કાર ધામ
ધારી રોડ, ચલાલા,
તા.ધારી, જિ.અમરેલી.


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
યુગોની શહિદોનું આ સ્વપ્ન છે, મારી માતૃભુમિનું આ જ રહસ્ય છે,
બલિદાનીઓના કંઈ લેખા નથી,મા ભારતનું આજે સ્વતંત્ર્યતાનું પર્વ છે.
શુભેચ્છક
ગોપાલભાઈ વસ્તરપરા
જી.પી. વસ્તરપરા
ચેરીટેબલ ટ્રસ્ટ - ચમારડી


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઉંચા રહે હમારા...
આધિ રોટી ખાયેંગે,
દેશ કો બચાયેંગે...
શુભેચ્છક
શ્રી મધુરમ્ કન્સ્ટ્રકશન
(ઈન્ડીયા) લી.
જુનાગઢ


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
15th
August
વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા...
આધિ રોટી ખાયેંગે,
દેશ કો બચાયેંગે.....
: શુભેચ્છક :
શ્રી ઘનશ્યામભાઈ
ડોબરીયા
ભાજપ અગ્રણી
: સાવરકુંડલા :

# અમરેલી ખાતે અનુકંપા ફાઉન્ડેશન દ્વારા આયોજિત "ટુ વ્હીલર ફોર ટુ" બાઈક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



અમરેલીના સમર્થ વ્યાયામ મંદિર ખાતેથી અનુકંપા ફાઉન્ડેશનના નેતૃત્વમાં આયોજિત ભવ્ય 'ટુ વ્હીલર ફોર ટુ' બાઈક રેલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. રાજય સરકારના માર્ગ સુરક્ષા અભિયાનનેવેગ આપવા અને પ્રજાજનોમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ લાવવા માટે સામાજિક સંગઠન અનુકંપા ફાઉન્ડેશન દ્વારા કરાયેલા આ પ્રયાસને મુખ્યમંત્રીએ બિરદાવ્યો હતો. આ પહેલથી અનેક લોકોને મદદ મળશે. નોંધનીય છે કે, આજની ભાગદોડભરી જિંદગીમાં માનવીય સંવેદનાઓને જીવંત રાખવી અત્યંત જરૂરી છે. રસ્તે ચાલતા અજાણ્યા રાહદારીઓ, વૃદ્ધો કે નાના બાળકો સાથે જતી માતાઓને સ્વેચ્છાએ લિફ્ટ આપી મદદરૂપ થવાનું આ અભિયાન એક સરાહનીય કાર્ય છે. લિફ્ટ આપવાની કે માંગવાની પ્રક્રિયાને રસ્તો પૂછવા કે પાણી પીવડાવવા જેટલી જ સ્વાભાવિક સામાજિક ઘટના બનાવી લોકોમાંથી સંકોચ દૂર થાય તે સમયની માંગ છે. આ ઉમદા પહેલથી માત્ર લોકો વચ્ચે સામાજિક સમરસતા અને પરસ્પર સહયોગ જ નહીં વધે, પરંતુ ટ્રાફિકની સમસ્યા હળવી થશે, કિંમતી ઈંધણની બચત થશે અને પર્યાવરણીય પ્રદૂષણમાં પણ મોટો ઘટાડો નોંધાશે. કાર્યક્રમના પ્રારંભે અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર દ્વારા મુખ્યમંત્રીનું શાબ્દિક સ્વાગત કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. તેઓએ આ સંવેદનાસભર પહેલનો ઉદેશ વ્યક્ત કર્યો હતો. રેલીના પ્રસ્થાન સમયે હજારો બાઈક સવારોએ શિસ્તબદ્ધ રીતે પોતપોતાના હેલ્મેટ ઊંચા કરીને મુખ્યમંત્રીનું અભિવાદન કર્યુ હતું. આ રેલીમાં રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જાગૃતિનો સંદેશ આપતી 'ઓપરેશન સિંદૂર' થીમ પર ખાસ શણગારેલું સ્કૂટર ઉપસ્થિત તમામ લોકો માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું.આ પ્રસંગે ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, અગ્રણી નારણભાઈ કાછડીયા, પુર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડ, કલેકટર વિકલ્પ ભારદ્વાજ તેમજ જિલ્લા પોલીસ વડા શ્રી સંજય રાવત સહિત મહાનુભાવો, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો, બાઈક સવારો ઉપસ્થિત રહ્યા હતા.


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
:: શુભેચ્છક ::
શ્રી જયેશભાઈ એમ.નાકરાણી – પ્રમુખ
શ્રી દલસુખભાઈ કે.દુધાત – ઉપપ્રમુખ
શ્રી વિઠલભાઈ એન.તારપરા – એમ.ડી.
શ્રી પ્રશાંતભાઈ નાકરાણી – ઈન્ચા.મેનેજર
તથા સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા સ્ટાફગણ
શ્રી સાંગાભાઈ સાવલીયા, શ્રી રમેશભાઈ કોટડીયા, શ્રી મગનભાઈ લુણાગરીયા, શ્રી હિંમતભાઈ ગજેરા
શ્રી બાબુભાઈ સોજીત્રા, શ્રી મનસુખભાઈ નાકરાણી, શ્રી કીર્તીભાઈ ચોડવડીયા, શ્રી બટુકભાઈ ખુંટ, શ્રી વિનુભાઈ નાકરાણી
શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી જયંતિભાઈ ચકરાણી, શ્રી દેવેન્દ્રભાઈ પાદરીયા, શ્રી ચીમનભાઈ ભંડેરી
શ્રી અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલી
સ્વ. મોહનભાઈ નાકરાણી ભવન, જુના માર્કેટયાર્ડ અંદર અમરેલી



૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
HAPPY REPUBLIC DAY
// શુભેચ્છક //
શ્રી આનંદભાઈ ધાનાણી
પ્રમુખશ્રી : ભારતીય જનતા પાર્ટી-લીલીયા મોટા
(મુ. લીલીયા મોટા, જી. અમરેલી)



૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
II શુભેચ્છક II
શ્રી વિજયભાઈ જી. શેખલીયા
સરપંચશ્રી : ગ્રામ પંચાયત-લીલીયા
તથા તલાટી કમ મંત્રીશ્રી તેમજ
ગ્રામ પંચાયત સદસ્યશ્રીઓ
મુ. લીલીયા મોટા, જી. અમરેલી


## સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન સંચાલિત દીપક હાઇસ્કૂલ, દ્વારા

# જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રદર્શની રાજય મહોત્સવ વેળાએ ખુલ્લી મુકાય

### ઉર્જા રાજય મંત્રી કૌશિક વેકરિયા પણ ઉપસ્થિત રહયા

અમરેલી, તા. ૧૪

૮૦ મા સ્વાતંત્ર પર્વની રાજય કક્ષાની ઉજવણીનો આનંદ અમરેલીમાં સર્વત્ર દેશભક્તિતના માહોલ સાથે જોવા મળીરહ્યો છે. તે સમયે આપણા સ્વાતંત્ર્ય વીરોને હૃદયાંજલિ અર્પવા આઝાદીના ઈતિહાસમાં અમર થઈ ગયેલા અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓની એક પ્રદર્શની વ્યાયામ મંદિર અખાડાના ગ્રાઉન્ડમાં સરકારશ્રી દ્વારા આયોજિત શસ્ત્ર પ્રદર્શનની સાથે ગોઠવામાં આવેલ છે. આજરોજ અમરેલીના ધારાસભ્ય અને મંત્રી કૌશિકભાઈ વેકરીયાના શુભહસ્તે ખુલ્લી મુકવામાં આવી છે. આ પ્રસંગે પોલીસ અધિક્ષક સંજયભાઈ ખરાત, દુર્ગાબેન મહેતા, રૂપાયતનના પ્રમુખ કિશોરભાઈ મહેતા, મેનેજિંગ ટ્રસ્ટી રવજીભાઈ કાચા, દીપક હાઈસ્કૂલના આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાય, દિનેશભાઈ ભુવા, અશ્વિનભાઈ સાવલિયા વગેરે ગણમાન્ય નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિમાં હાુ વંદના કરાય. પ્રદર્શની તૈયાર કરનાર શિક્ષક સલીમભાઈ કુરેશી તથા તમામ વિદ્યાર્થીઓને સહુએ ખૂબ અભિનંદન આપ્યા. જીગ્નેશભાઈ પંડયા વિશાલભાઈ પંડયા, રવિન્દ્રભાઈ ગોસાઈ, સંજયભાઈ માંગરોળીયા. વગેરે તમા શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનની યોજવામાં જહેમત ઉઠાવેલ છે. અમરેલીની તમામ જનતા ને શસ્ત્ર પ્રદર્શનની સાથોસાથ આપણા સ્વાતંત્ર વીરોની ઝાંખી કરાવતીઆ પ્રદર્શની જોવા માટે હાર્દિક નિમંત્રણ છે. દીપક હાઈસ્કૂલ, અમરેલીના આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવે છે.)






૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
II શુભેચ્છક II
શ્રી નિતીનભાઈ આર. ત્રિવેદી
પ્રમુખશ્રી : તાલુકા કોંગ્રેસ-લીલીયા મોટા
મુ. લીલીયા મોટા, જી. અમરેલી



૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
HAPPY REPUBLIC DAY
// શુભેચ્છક //
શ્રીમતિ રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયા
પૂર્વ ચેરમેનશ્રી : શિક્ષણ સમિતિ-જીલ્લા પંચાયત-અમરેલી
શ્રી ભીખાભાઈ એમ. ધોરાજીયા
પૂર્વ પ્રમુખશ્રી : તાલુકા પંચાયત-લીલીયા મોટા
(મુ. લીલીયા મોટા, જી. અમરેલી)



''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com


## ૮૦માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે

# અમરેલીમાં આજે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે ધ્વજવંદન

### પોલીસનાં જવાનોની દિલધડક પરેડ યોજાશે

અમરેલી, તા. ૧૪

રાજયકક્ષાના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે થવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાનારી રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધ સાંસ્કૃતિક, દેશભકિતપૂર્ણ અને લોકભાગીદારીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે તા.૧૫ ઓગષ્ટના રોજ સવારે ૯ કલાકે અમરેલીના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજય કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના મુખ્ય સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવશે. આ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા ભવ્ય અને દિલધડક પરેડનું આયોજન કરવામાં આવશે, જે અમરેલીવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર અમરેલી જિલ્લો રાષ્ટ્રભકિતના રંગે રંગાઈ રહ્યો છે ત્યારે જિલ્લાના નાગરિકોને આ વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાઈ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.


૮૦માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
HAPPY REPUBLIC DAY
શુભેચ્છક
શ્રી રણજીતભાઈ ખુમાણ
સદસ્યશ્રી : તાલુકા પંચાયત – લીલીયા
સમર્પણ કન્સ્ટ્રકશન



૮૦માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...
S.M.G.K. શૈક્ષણિક સંકુલ એટલે... K.G. થી આર્ટસ-સાયન્સ કોલેજ
ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં તમામ જ્ઞાતિઓના દિકરા-દિકરીઓને એડમીશન આપતી સંસ્થા
BSC 2023-24-25-26 માં 100% રીઝલ્ટ આપતી સંસ્થા
સાવરકુંડલા માટે સાયન્સ વિભાગમાં ઉત્તમ ગુણવત્તાવાળો અધ્યાપક ગણ ધરાતી એકમાત્ર સંસ્થા
સંસ્થાપક : અ.ફૈઝ કરમ પીરે તરીકત સરકાર આહાજ સૈયદ મુહંમદ (દાદાબાપુ) કાદરી - ફાતમીફૈઝે મુહંમદી એજયુકેશન વેલફેર & ચેરીટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલા સંચાલિત
એસ.એમ.જી.કે. એજયુકેશન કોમ્પ્લેક્ષ
શ્રેષ્ઠ સંસ્કાર અને શ્રેષ્ઠ શિક્ષણ આપતી સંસ્થા
કાર્યક્ષેત્ર : LKG/HKG ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૧ થી ૮ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૯ થી ૧૦ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૧૧ થી ૧૨ હાયર સેકન્ડરી
સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ ગુજ./અંગ્રેજી માધ્યમ /આર્ટસ/કોમર્સ/સાયન્સ કોલેજ
(સૌરા.યુનિ.માન્ય) શેઠ એ.આર. અલાના પ્રા. I.T.I. (NCVT માન્ય)
અડ્રેસ : મહુવા રોડ, સાવરકુંડલા, જિ. અમરેલી. (ગુજરાત) ફોન : (02845) 295135, મો.નં. 9879571077/9909492617







*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)